RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15 Issue : 147 Dt. 20-12-2025 Page : 08 Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# સિંધુનું જળ રોકાતા પાકમાં પાણી માટે વલખા

## પાકના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારનું નિવેદન : અમારા લોકો તરસ્યા મરવા મજબુર

નવી દિલ્હી, તા.૧૯

પહલગામમાં આતંકવાદી હુમલો કરી ૨૬ નિર્દોષની હત્યા કરનારા પાકિસ્તાનને ભારતે એવો પાઠ ભણાવ્યો છે કે હવે ત્યાંના લોકો ટીપે-ટીપે પાણી માટે વલખાં મારી રહ્યા છે. ભારત સરકારે પહલગામ હુમલા બાદ ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો, જેના કારણે પાકિસ્તાનીઓ હવે ભૂખે મરવા મજબૂર થયા છે. આતંકવાદની ફેક્ટરી ચલાવતા પાકિસ્તાનમાં હવે પીવાના પાણીના પણ ફાંફા પડી રહ્યા છે અને સ્થિતિ અત્યંત ભયાનક બની રહી છે.

ભારતના આ પ્રહારથી પાકિસ્તાની શાસકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે હતાશામાં નિવેદન આપતાં ભારત પર સંધિ ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. ઈશાક ડારે ભારતની કડકાઈથી ડરીને કહ્યું કે, 'અમે આ વર્ષે એપ્રિલમાં જોયું કે ભારતે સિંધુ જળ સંધિ પર એકપક્ષીય કાર્યવાહી કરીને તેને રદ કરી દીધી હતી. પરંતુ હવે જે જોઈ રહ્યા છીએ તે ભારતના ભૌતિક ઉલ્લંઘનો છે, જે સિંધુ જળ સંધિના મૂળમાં ઘા કરે છે. ભારતના આ પગલાંથી અમારા લોકોનું જીવન



જોખમમાં મૂકાઈ જશે અને તેઓ ભૂખ્યા-તરસ્યા મરવા મજબૂર થશે.'

ભારતે આ સંધિ રદ કરવા પાછળનું મુખ્ય કારણ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ મનાય છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ દંડાત્મક પગલાંઓ શરુ કર્યા છે. વિશ્વ બેંકની મધ્યસ્થીથી થયેલી આ સંધિ છતાં પાકિસ્તાન પોતાની આતંકી હરકતોથી બાજ આવ્યું નહોતું, પરિણામે ભારતે 'ઓપરેશન સિંદૂર' હાથ ધરીને પાકિસ્તાનમાં ૯ આતંકી ઠેકાણાઓ ધ્વસ્ત કર્યા અને ૧૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

હવે પાણી અટકાવીને ભારતે પાકિસ્તાનની રહીસહી તાકાત પણ તોડી નાખી છે. ઈશાક ડારે ભારત પર પાકિસ્તાનીઓની આજીવિકા છીનવવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું કે, ભારતની આ કાર્યવાહીને કારણે પાકિસ્તાન પૂર અને દુષ્કાળ બંને સામે લાચાર બની ગયું છે. ડારે આરોપ લગાવતાં કહ્યું કે, 'ભારત દ્વારા પાણીની હેરાફેરી કરવામાં આવી રહી છે. બેસિનમાં શૂન્ય પાણીના કારણે પાકિસ્તાનમાં કૃષિને ખરાબ રીતે થઈ રહી છે, જે અહીંના લોકોના જીવન અને આજીવિકા માટે સીધો ખતરો છે.' પાકિસ્તાની મંત્રીએ ગીધડ ધમકી આપતાં એવું પણ કહી દીધું કે, પાણી રોકવું એ યુદ્ધ સમાન કૃત્ય ગણાશે. પણ હાલમાં પાકિસ્તાનના લોકો પાણી વગર તરફડી રહ્યા હોવાનું ખુદ નાયબ મુખ્યપ્રધાને સ્વીકારતા આતંકીઓને પાળતા પાકને સિંધુ જળ સંધીથી ભારતે જબરો સબક શીખવ્યો હોવાનું મનાય છે.

## સતત દોઢ માસ ચાલેલી SIRની અસરકારક કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ : ૭૩.૭૩ લાખ નામ કમી

# ગુજરાતમાં ૪.૩૪ કરોડ મતદારો

અમદાવાદ, તા. ૧૯

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવેલી ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ આજ રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

હવે તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે.ત્યારબાદ તા.૧૦મી ફેબ્રુઆરી,૨૦૨૬ સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવાના પ્રસંગે મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાએ જણાવ્યું કે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ૩૩ જિલ્લા ચૂંટણી અધિકારી, ૧૮૨ મતદાર નોંધણી અધિકારી, ૮૫૫ સહાયક મતદાર




નોંધણી અધિકારી, ૫૦,૯૬૩ BLO તથા ૫૪,૪૪૩ BLA તથા ૩૦,૮૩૩ જેટલા સ્વંય સેવકોની સક્રિય સહભાગિતા રહી છે.રાજ્યના મતદારોનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો છે. મીડિયા, રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનોનો પણ સહયોગ મળ્યો છે. જેના ફળ સ્વરૂપ નિયત સમયર્યાદામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા છે.આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું છે.શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા, નગરપાલિકાના અધિકારીઓ,કર્મચારીઓને પણ જોડવામાં આવ્યાં હતા. ભારતના ચૂંટણી પંચ દ્વારા SIR માં સહયોગ માટે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના કમિશનરોને પણ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં.મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદાર નોંધાયેલા હતા.મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા ૪,૩૪,૭૦,૧૦૯ રહેવા પામી છે.એટલે કે, SIRની ઝુંબેશ દરમિયાન કુલ ૭૩,૭૩,૩૨૭ મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.જેમાં, અવસાન પામેલા મતદારો- ૧૮,૦૭,૨૭૮, સામે ગેરહાજર મતદારો- ૯,૬૯,૬૬૨, કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂકેલા મતદારો- ૪૦,૨૫,૫૫૩, બે જગ્યાએ નોંધાયેલા મતદારો- ૩,૮૧,૪૭૦ હતા અન્ય- ૧,૮૯,૩૬૪ હતા.

૫.૦૮ કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

# બારની ચૂંટણીમાં RBA પેનલ આગળ

## ઉપપ્રમુખના પદને બાદ કરતા તમામમાં RBAનો દબદબો



રાજકોટ, તા. ૧૯

આજે રાજકોટ બાર એસો.ની ચૂંટણીમાં બે પેનલો વચ્ચે પ્રતિષ્ઠાભર્યો જંગ ખેલાયો હતો. બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૬૩ ટકા મતદાન નોંધાયું હતું. ભારે રસાકસીના અંતે મોડી રાત્રીના ૨૨૦૦ મત સુધીની ગણતરીમાં પ્રમુખ પદ માટેના આરબીએ પેનલના ઉમેદવાર સુમિત વોરાને ૧૨૧૫ મત જયારે સમરસ પેનલના પ્રમુખ પદના ઉમેદવાર સુરેશ ફળદુને ૭૯૫ મત મળ્યા હતા. આ લખાય છે ત્યારે બે રાઉન્ડની મત ગણતરી બાકી હતી પરંતુ પ્રમૂખ પદ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી તેમજ ટ્રેઝરર પદમાં આરબીએ પેનલ આગળ જોવા મળી હતી. જેમાં વાઈસ પ્રેસિડેન્ટના પદ માટે એક માત્ર સમરસ પેનલના સિદ્ધરાજસિંહ જાડેજા આગળ જોવા મળ્યા હતા.

રાજકોટ બાર એસોસિયેશનની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વકીલ ભાઈ-બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કુલ ૪૩૪૯ પાત્ર મતદારોમાંથી ૨૭૦૪ વકીલોએ મતદાન કરી લોકશાહી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. સવારે ૯ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી મતદાન થયું હતું અને ત્યારબાદ બપોરે ૪ વાગ્યાથી મતગણતરી હાથ ધરાઈ જે મોડી રાત સુધી ચાલી હતી.

આ ચૂંટણીમાં પ્રમુખપદ માટે ૪, ઉપપ્રમુખ પદ માટે ૨, સેક્રેટરી પદ માટે ૪, જોઈન્ટ સેક્રેટરીમાં ૩, ટ્રેઝરર (મહિલા અનામત) માં ૨ અને લાઈબ્રેરી સેક્રેટરીમાં ૪ ઉમેદવાર છે. જ્યારે કારોબારીમાં મહિલા અનામતમાં ૮ અને જનરલ કેટેગરીમાં ૧૫ ઉમેદવાર મેદાનમાં હતા. રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં છ્ઇઅ પેનલના ઉમેદવારમાં પ્રમુખ ઉમેદવાર તરીકે સુમિત વોરા, ઉપપ્રમુખ તરીકે બિમલ જાની, સેક્રેટરી તરીકે નિલેશ પટેલ, જો.સેક્રેટરી તરીકે જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર તરીકે પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે કેતન મંડ અને કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે સંજય ડાંગર, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, અશ્વિન રામાણી, હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરીયા જયારે કારોબારી સભ્ય (મહિલા અનામત) તરીકે નિશાબેન લુણાગરીયા, મિનલબેન સોનપાલ અને રક્ષાબેન ઉપાધ્યાય ઉમેદવારી નોંધાવી હતી. બીજી બાજુ સમરસ પેનલના ઉમેદવારમાં પ્રમુખ તરીકે સુરેશ ફળદુ, ઉપપ્રમુખ તરીકે સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી તરીકે મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી તરીકે સંદિપ વેકરીયા, ટ્રેઝરર તરીકે રેખાબેન લીંબાસીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે સાગર હપાણી, કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે અમિત વેકરીયા, કશ્યપ ઠાકર, દિપ વ્યાસ, જતીન ઠકકર, યશ ચોલેરા, કેતન જેઠવા, રણજીત મકવાણા જયારે કારોબારી સભ્ય (મહીલા અનામત) તરીકે હીરલબેન જોષી, મીતાબેન રાવ અને અલ્કાબેન પંડયાએ ઉમેદવારી નોંધાવી હતી.

**વધુ અહેવાલ છેલ્લા પેઈઝ પર**

## ડ્રેગનની મનમાનીનો અંત નજીક : ભારત સ્વતંત્ર રીતે ૫મી જનરેશનના ફાઈટર જેટ અને આઈફોન જેવા અત્યાધુનિક ઉપકરણોનું કરશે ઉત્પાદન

# ભારતમાં મળ્યો ખનીજનો ભંડાર

નવી દિલ્હી, તા.૧૯

ચીન જેના આધાર પર વિશ્વ પર રાજ કરવા માંગે છે, તે હવે ખતમ થવા જઈ રહ્યું છે. હવે ભારતને એક 'બ્રહ્માસ્ત્ર' હાથ લાગ્યું છે જે ડ્રેગનની મનમાની પર કાબુ મેળવવાનું સરળ બનાવશે. આંધ્ર પ્રદેશના ૯૭૪ કિલોમીટરના દરિયાકાંઠે રેર અર્થ મટિરિયલ્સનો વિશાળ ભંડાર મળી આવ્યો છે. નિષ્ણાતો કહે છે કે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે મળી આવતી રેર અર્થ મટિરિયલ્સ ઉચ્ચ ગુણવત્તાની છે. જેના વિના, ફાઈટર જેટ, સ્માર્ટફોન, મિસાઈલ, ઈલેક્ટ્રિક વાહનો વગેરેનું ઉત્પાદન કરવું અશક્ય છે. ચીન હાલમાં રેર અર્થ મટિરિયલ્સના ૮૫% પર નિયંત્રણ રાખે છે. આંધ્ર પ્રદેશના દરિયાકિનારેથી મળેલા ભંડારનો ઉપયોગ કરીને, ભારત સ્વતંત્ર રીતે ૫મી જનરેશનના ફાઈટર જેટ અને આઈફોન જેવા અત્યાધુનિક ઉપકરણોનું ઉત્પાદન કરી શકે છે. આનાથી નોંધપાત્ર નિકાસ આવક પણ થઈ શકે છે. આંધ્ર પ્રદેશનો ૯૭૪ કિલોમીટરનો દરિયાકિનારો ફક્ત તેના સુંદર દરિયાકિનારા અને માછીમારી બંદરો માટે જ જાણીતો છે. આ ઉપરાંત તેની નીચે છુપાયેલી રેતી ભારતના ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. શ્રીકાકુલમથી નેલ્લોર સુધી ફેલાયેલી દરિયાકિનારાની રેતીમાં રેર અર્થ મટિરિયલ્સનો વિશાળ ભંડાર છે.

જે ગ્રીન એનર્જી, સંરક્ષણ અને સેમિકન્ડક્ટર



જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ભારતની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે. દરિયાઈ રેતીમાં મોનાઝાઈટ મોટી માત્રામાં જોવા મળે છે. મોનાઝાઈટ રેર અર્થ તત્ત્વો અને થોરિયમનો મુખ્ય સ્રોત છે. ઈલ્મેનાઈટ, રુટાઈલ, ઝિરકોન, ગાર્નેટ અને સિલિમાનાઈટ જેવા મૂલ્યવાન ખનિજો પણ અહીં છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠેથી મળી આવેલા મોનાઝાઈટમાં ૫૫થી ૬૦ ટકા દુર્લભ પૃથ્વી ઓક્સાઈડ હોય છે, જે વૈશ્વિક સ્તરે હાઈ ક્વોલિટીનું માનવામાં આવે છે. તેમાં ૮થી ૧૦ ટકા થોરિયમ પણ હોય છે, જે ભારતના ભાવિ પરમાણુ રિએક્ટર માટે સંભવિત બળતણ માનવામાં આવે છે.રેર અર્થ મટિરિયલ્સનો ઉપયોગ જેમાં થાય છે તેમાં ''ફાઈટર જેટ, ઈલેક્ટ્રિક વાહનો, મિસાઈલ, સ્માર્ટફોન, ટેલિવિઝન, પેઈન્ટ, મેડિકલ સાધનોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે રેર અર્થ મટિરિયલ્સ ક્યાં મળે છે? તેવા પ્રશ્નોની ભીતરમાં જવાતા આ ખનિજોમાં લેન્થેનમ, સેરિયમ, નિયોડીમિયમ, પ્રેસોડીમિયમ, સમેરિયમ અને યુરોપિયમ જેવા ૫ર અર્થ મટિરિયલ્સનો સમાવેશ થાય છે. ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણો અનુસાર, આંધ્રપ્રદેશના દરિયાકાંઠે એક સતત ખનિજ પટ્ટો ફેલાયેલો છે, જે ભીમુનીપટ્ટનમ, કલિંગપટ્ટનમ, કાકીનાડા, નરસાપુર, મછલીપટ્ટનમ, ચિરાલા, વોડારેવુ, રામાયપટ્ટનમ અને દુગરાજપટ્ટનમ જેવા વિસ્તારોને આવરી લે છે.ભારતમાં કુલ ૩૦૦ મિલિયન ટનથી વધુ ભારે ખનિજ રેતી ભંડાર હોવાનો અંદાજ છે, જેમાં ૧.૨થી ૧.૫ કરોડ ટન મોનાઝાઈટનો સમાવેશ થાય છે. આ કુલ ભંડારમાંથી માત્ર આંધ્ર પ્રદેશ ૩૦થી ૩૫ ટકા હિસ્સો ધરાવે છે.

લાંબા સમય સુધી, પરમાણુ નિયમો, મર્યાદિત પ્રક્રિયા ક્ષમતા અને નીતિગત મર્યાદાઓને કારણે આ દરિયાકિનારાઓનો ઓછો ઉપયોગ થતો રહ્યો. જો કે, વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વધતાં તણાવ અને ચીન પર નિર્ભરતા ઘટાડવાની જરૂરિયાત સાથે, આંધ્ર પ્રદેશ એક વ્યૂહાત્મક કેન્દ્ર બની ગયું છે. હાલમાં, ચીન વિશ્વની રેર અર્થ પ્રોસેસિંગ ક્ષમતાના લગભગ ૮૫ ટકા પર નિયંત્રણ ધરાવે છે.

# જમીન નોંધણી-બિનખેતીની મંજૂરી પ્રક્રિયાઓ સરળ

## ગુજરાત સુશાસન રોલ મોડેલ : iORA પોર્ટલ પર છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭.૯ લાખથી વધુ અરજીઓ કરાઈ પ્રોસેસ

રાજકોટ, તા. ૧૯

રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ,



પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગને મજબૂતી આપે છે.

મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઇ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઇ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથો સાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

### શઘછ્અ પોર્ટલ પર ૧૭.૯ લાખથી વધુ અરજીઓ

જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત શઘછ્અ પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે. ૭/૧૨ સિવાય, વારસાઈ નોંધ, બિનખેતીની પરવાનગી અને જમીન માપણી જેવી ૩૬થી પણ વધુ મહેસૂલી સેવાઓનો લાભ iORA પોર્ટલ દ્વારા ઘેરબેઠાં લઈ શકાય છે. વર્ષ ૨૦૨૨થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં iORA પોર્ટલ ઉપર વિવિધ પ્રકારની ૩૬ સેવાઓને લગતી કુલ ૧૭.૯ લાખથી વધારે અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે. આ ફેસલેસ સર્વિસના કારણે સેવાઓમાં પારદર્શિતા આવી છે અને નિર્ણય પ્રક્રિયા ઝડપી બની છે. iORA ફીડબેક સેન્ટર પર ૪૦૭૯૯ જેટલાં કોલ ના જવાબ આપવામાં આવ્યા છે. મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ બનાવવામાં આવી છે. સ્વામિત્વ યોજના અંતર્ગત ડ્રોન ફ્લાઈટ દ્વારા ૮૭૦૦થી વધુ ગામોમાં સર્વે પૂર્ણ કરીને ૧૧.૫૨ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ચ્છકોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે.

### અત્યાધુનિક ટેક્નોલોજીથી જમીનનું મેપિંગ ૩૩૩૯ કરોડની દબાણમુક્ત

મહેસૂલ વિભાગે ISROની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ 'iORA' અને 'RO Diary' પર સ્વચાલિત એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે. રાજ્યમાં સરકારી જમીનોના સંરક્ષણ માટે હાથ ધરવામાં આવેલી સઘન ઝુંબેશ દ્વારા અત્યાર સુધીમાં ૩૯૯૦ હેક્ટરથી વધુ જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. પુનઃપ્રાપ્ત કરાયેલી આ જમીનની અંદાજિત બજાર કિંમત ₹૩૩૩૯ કરોડથી વધુ છે.

# રાજકોટની મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ

## જિલ્લાની આઠ વિધાનસભા બેઠક વિસ્તારમાં ૨૩.૯૧ લાખથી વધુ મતદારોની ચકાસણી : ૧૮ જાન્યુઆરી સુધી હક્ક-દાવા સ્વીકારાશે




રાજકોટ, તા. ૧૯

ભારતના ચૂંટણી પંચ-નવી દિલ્હી દ્વારા જાહેર કરવામાં આવેલા 'ખાસ સઘન સુધારણા' કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારયાદીને ક્ષતિરહિત અને પારદર્શક બનાવવાનો છે. રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના કુલ આઠ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કુલ ૨૩,૯૧,૦૨૭ મતદારોની બૂથ લેવલ ઓફિસર (ઇકધ) દ્વારા રૂબરૂ ચકાસણી કરવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન ૮,૨૩,૬૬૮ મતદારોનું ૨૦૦૨ની મતદારયાદી સાથે સેલ્ફ મેપિંગ કરવામાં આવ્યું છે. જ્યારે ૧૦,૦૬,૧૭૭ મતદારોનું વંશાવલી મેપિંગ કરવામાં આવ્યું છે. અવસાન પામેલા ૮૯,૫૫૩ મતદારો, કાયમી સ્થળાંતર થયેલા ૧,૬૯,૧૩૫ મતદારો, ૧૦,૭૩૬ મતદારો ડુપ્લીકેટ હોવાથી તેમજ ૭૩૦૪ મતદારોના નામ અન્ય કારણોસર જરૂરી ચકાસણી બાદ ડ્રાફ્ટ રોલમાંથી કમી કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય તે હેતુથી રાજકીય પક્ષો સાથે અત્યાર સુધીમાં કુલ પાંચ બેઠકો યોજવામાં આવી છે. તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ડ્રાફ્ટ રોલની નકલો સોંપવામાં આવી છે. ગેરહાજર, સ્થળાંતરિત અને મૃતક મતદારોની યાદી અલગથી તૈયાર કરી રાજકીય પક્ષોને આપવામાં આવી છે. જેથી કોઈ પણ સાચું નામ રદ ન થાય તેની તકેદારી રાખી શકાય. બૂથ લેવલ ઓફિસર તથા રાજકીય પક્ષોના એજન્ટો વચ્ચે સંયુક્ત બેઠક યોજીને ક્ષતિરહિત ડેટા તૈયાર કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, નાગરિકો માટે મતદારયાદીમાં નામ નોંધાવવા કે સુધારા-વધારા માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તા.૧૯ ડિસેમ્બરથી તા. ૧૮ જાન્યુઆરી સુધી હક્ક-દાવા અને વાંધા અરજી કરી શકાશે. ૧૯ ડિસેમ્બરથી ૧૦ ફેબ્રુઆરી સુધી નોટિસ ઈશ્યૂ કરવાની, સુનાવણી તેમજ ચકાસણીની કામગીરી કરાશે. નવું નામ નોંધાવવા માટે (જેમની ઉંમર ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતી હોય) તેમણે ફોર્મ નં. ૬ ભરવું. નામ રદ કરવા માટે ફોર્મ નં. ૭ ભરવું. નામ કે વિગતોમાં સુધારા-વધારા અથવા સરનામું બદલવા માટે ફોર્મ નં. ૮ ભરવું. આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ થશે.

આ મુસદ્દા મતદારયાદી કલેકટર કચેરી, તમામ મતદાર નોંધણી અધિકારીની કચેરી, મામલતદાર કચેરી અને નિયુક્ત મતદાન મથકો પર જોઈ શકાશે. આ ઉપરાંત CEO Gujarat ની વેબસાઈટ પર પણ યાદી ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, જે મતદારોનું ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપિંગ થયેલ નથી, તેઓને જઈછ પ્રક્રિયા દરમિયાન નિયત પુરાવા રજૂ કરવા વિનંતી કરવામાં આવે છે. આ તકે તેમણે એસ.આઈ.આર.ની સમગ્ર પ્રક્રિયામાં સહકાર આપનારા નાગરિકો, રાજકીય પક્ષો, બી.એલ.ઓ.નો આભાર માન્યો હતો.

# જંગલેશ્વરના વધુ ૪૦૦ દબાણોને નોટિસ

## ૨૯મી એ વાંધા સૂચનો આવશે સાંભળવામાં : ડિમોલિશન થાય તે જરૂરી અગાઉ પણ અપાય છે અનેક નોટિસો

રાજકોટ, તા. ૧૯

ગઈકાલે ફરી એક વખત ભાવનગર રોડ ઉપર આજે નદીના કાંઠે જંગલેશ્વર વિસ્તારમાં વધુ ૪૦૦ મિલકતોને નોટિસ ફટકારવામાં આવી છે જેને લઈને રહેવાસીઓમાં ભારે ફફડાટ મચી ચૂક્યો છે. ત્યારે વાઈબ્રન્ટ કોન્ફરન્સ પૂર્વે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવે તેવું હાલ જણાઈ રહ્યું છે. આ વિસ્તારમાં અનેક વખત નોટીશો આપવામાં આવેલી છે પરંતુ ડિમોલિશન આજ દિન સુધી થયું નથી ત્યારે આ વખતે એ જ પ્રશ્નો ઊભો થયો છે કે શું તંત્ર દ્વારા જે નોટિસો પાઠવવામાં આવી છે તેનાથી આ વખતે ડિમોલિશન થશે કે કેમ ? ત્યારે મહાનગરપાલિકા બાદ રેવન્યુ વિભાગ દ્વારા ગેરકાયદે બાંધકામો ને તોડી પાડવાની નોટિસો આપવામાં આવેલી છે પરંતુ જો આ વખતે ખરા અર્થમાં આ તમામ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવામાં આવે તો ખરા અર્થમાં ખૂબ મોટો લોટ જે ગેરકાયદે બાંધકામો છે તે દૂર થઈ જશે અને રાજકોટની કાયાપલટ પણ થઈ શકશે.

આ અગાઉ મહાનગરપાલિકાએ તેની જમીન ઉપર ઉભેલા ૭૦૦ જેટલા દબાણકારોને નોટિસ આપી હતી. ત્યારબાદ હવે કલેકટર તંત્ર દ્વારા સરકારી ખરાબાની આશરે ૧ લાખ ૨૦ હજાર ચોરસ મીટર જમીન ઉપર થયેલા એક હજાર જેટલા ગેરકાયદે બાંધકામો હટાવવા નોટિસ આપવામાં આવઈ રહી છે. ત્યારે રાજકોટમાં આગામી ૧૦ જાન્યુઆરીથી ત્રણ દિવસની યોજાનાર રિજનલ વાઈબ્રન્ટ સમિટ પહેલા રાજકોટમાં ઐતિહાસીક ડિમોલીશનનો તખતો ઘડાઈ રહ્યાનું જાણવા મળે છે. કલેકટર વિભાગ દ્વારા તમામને સાંભળવામાં આવશે જેઓને વાંધા હોય અને તે માટે ૨૯ તારીખ નક્કી કરવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રતિ માહિતી મુજબ મોટાભાગના લોકો પાસે લાઈટબીલ અને રેશનકાર્ડ સિવાય જમીનના કોઈ આધાર પુરાવા નહીં હોવાનું જાણવા મળે છે.

સંભવિત ડિમોલીશન સામે કોઈ આસામી કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવે નહીં તે માટે તંત્ર દ્વારા કેવિયેટ દાખલ કરવા પણ તજવીજ હાથ ધરાઈ છે. ત્યારે જો જંગલેશ્વરનું ડિમોલીશન થાય તો કલેકટર અને મહાનગરપાલિકાની જમીન ખાલી કરાવવા ઈતિહાસનું આ સૌથી મોટુ ડિમોલીશન બની રહેશે. સતત બીજા દિવસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત



વચ્ચે કામગીરી પૂર્વ મામલતદાર નિલેશ અજમેરા અને સર્કલ ઓફિસર સત્યમ સેરશીયાના નેતૃત્વમાં મનપાની ટીમ અને તલાટીઓના કાફલાએ જંગલેશ્વર વિસ્તારમાં ધામા નાખ્યા હતા. આ કામગીરી દરમિયાન કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે PSI સરવૈયા અને SP જાદવ સહિત ૬૦ થી ૭૦ પોલીસ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

અંદાજે ૪૦ હજાર ચોરસ મીટર જમીન પરના દબાણકારોને નોટિસો અપાઈ હતી, જેની બજાર કિંમત ૬૦ થી ૭૦ કરોડ અંદાજવામાં આવે છે. ગઈકાલની ૮૦,૦૦૦ ચોરસ મીટર જમીન મળીને અત્યાર સુધીમાં કુલ ૧.૨૦ લાખ ચોરસ મીટર સરકારી જમીન પરના દબાણો હટાવવા નોટિસોની કામગીરી પૂર્ણ થઈ છે. આ જમીનોની કુલ કિંમત અંદાજે રૂ. ૩૦૦ કરોડ જેટલી થવા જાય છે.૨૯ તારીખે સુનાવણી બાદ ૧૦ તારીખ પહેલાં 'મેગા ડિમોલિશન'ની શક્યતા સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી ૨૯ તારીખના રોજ તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ આખરી નિર્ણય લેવાશે. જ્યા સૂત્રોના જણાવ્યા અનુસાર તંત્ર દ્વારા આ તમામ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવામાં આવે અને જે દબાણ થયેલા છે તેને તાકીદે દૂર કરાય તે માટેની તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

# તમારાં સિવિક સેન્ટરોમાં ગેસ બિલ ભરપાઈ થાય છે?

## રાજ્ય સરકારે વડોદરા મહાનગરપાલિકાની કામગીરીને રોલ મોડેલ બનાવી તમામ મહાનગરપાલિકા પાસે વિગતો માંગી




રાજકોટ , તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ પાસેથી તેમના સિવિક સેન્ટરોમાં જન્મ મરણ સિવાય અન્ય કંઇ કંઇ પ્રકારની પ્રજાને ઉપયોગી સેવાઓ આપવામાં આવે છે તેની વિગતો માંગી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલમાં ગેસ કંપની સાથે કોલોબ્રેશન કરીને સિવિક સેન્ટરોમાં ગેસબીલ પણ લેવાની સુવિધા ઉભી કરવામાં આવી છે. તેમ અન્ય મહાનગર પાલિકાઓમાં એક જ સ્થળે થી પ્રજાને ગેસ બિલ, લાઇટ બીલ સહિત પ્રજાકિય ઉપયોગી વસુલાત સહિત તમામ સુવિધાઓ મળી રહે તેવુ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા પાસે થી પણ સિવિક સેન્ટરોમાં કઇ કઈ પ્રકારની પ્રજા ઉપયોગી સુવિધા મળે છે તેની વિગતો રાજ્ય સરકાર દ્વારા માંગવામાં આવી છે.

જે રીતે દરેક જિલ્લામા જિલ્લા વહિવટી વિભાગ દ્વારા જિલ્લાકક્ષાના જન સેવા કેન્દ્ર કાર્યરત છે તે રીતે હવે સિવિક સેન્ટરોને શહેરી કક્ષાનું જન સુવિધા કેન્દ્ર બનાવવા રાજ્ય સરકારની પહેલનું આ પહેલુ પગથિયું હોવાનું જાણવા મળે છે.

રાજકોટ સહિત રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં સિવિક સેન્ટરોમાં જન્મ મરણ વિભાગને અલગ રાખીને અન્ય તમામ વિભાગોની કામગીરી વિશે રાજ્ય સરકાર દ્વારા માહિતી માંગવામાં આવી છે. સાથોસાથ ગેસ બિલ અને લાઇટ બીલ ભરવા સહિતની સુવિધા આપવામાં આવે છે કે કેમ ? તેની પણ વિગતો માંગી છે.

ઉલ્લેખનીય છે કે વડોદરા મહાનગર પાલિકા દ્વારા તમામ સિવિક સેન્ટરો અને વોર્ડ ઓફિસોમાં ગેસ બીલ ભરપાઇ થઇ શકે તે પ્રકારે ગેસ એજન્સી સાથે કોલોબ્રેશન કરવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકાની આ કામગીરીને રોલ મોડેલ બનાવીને રાજ્ય સરકાર દ્વારા હવે તમામ મહા નગરપાલિકાઓના સિવિક સેન્ટરોને શહેરી કક્ષાનું જન સેવા કેન્દ્ર બનાવવા તરફ આગળ વધી રહી હોય તેમ રાજકોટ સહિત રાજ્યની તમામ મહાનગર પાલિકાઓ પાસેથી સિવિક સેન્ટરોમાં અપાતી સુવિધાઓ વિશે માહિતી માંગવામાં આવી છે.

સંભવ છે કે રાજ્યના આગામી નાણાંકિય વર્ષના બજેટમાં આ પ્રકારની સુવિધા ઉભી કરવાની જાહેરાત કરી નાણાંની ફાળવણી કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે મહાનગર પાલિકાના સિવિક સેન્ટરમાં હાલમાં સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત છે. અને અલગ અલગ વિભાગો દ્વારા લેવાતા વહિવટી ચાર્જ સિવિક સેન્ટરમાં ભરપાઈ કરવામાં આવે છે. આ માટે ચાર કર્મચારીઓ ફરજ બજાવે છે. જો કે આશ્ચર્યની વાત એ છે કે, કોઈપણ દંડ કે વહિવટી ચાર્જની વસુલાત બાદ તેની રિસિપ્ટ ટેક્સ વિભાગ પાસે આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આધારકાર્ડની કોઇ રિસિપ્ટમાં ભુલ હોય તો તેના સુધારા માટે પણ ટેક્સ વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે. હવે રાજ્ય સરકાર સિવિક સેન્ટરોની કામગીરીમાં જડમૂળથી ફેરફાર કરવા માંગતી હોય અને નાગરિકોને તેમના ઘર નજીક જ તમામ સુવિધાઓ વોર્ડ ઓફિસ મારફત મળી રહે તે માટે પ્રયાસો શરૂ કર્યા છે. તેના પહેલા પગથિયારૂપે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સિવિક સેન્ટરોમાં અપાતી સુવિધાને રોલ મોડેલ બનાવીને રાજ્ય સરકારે રાજકોટ સહિત અન્ય મહાનગરપાલિકાઓ પાસે સિવિક સેન્ટરોમાં પ્રોપર્ટી ટેક્સ માટે અપાતી સુવિધાઓ, ફેક્ટરી લાયસન્સ, ફૂડ લાયસન્સ, બિલ્ડિંગ પ્લાન પરમિશન ફી, એન્ક્રોચમેન્ટ રીમુવલ ચાર્જ, બુકિંગ ફેસિલીટી, સ્મશાન ફી, આરટીઆઇ, સિનિયર સિટીઝન્સ ફેસિલીટી, પાણી પુરવઠા, સેનિટેશન, હાઉસિંગ, અર્બન, હોલ બુકિંગ, ગવર્નન્સ સિસ્ટમ, મ્યુનિ. વેબસાઇટ, તેમજ મહાનગરપાલિકાના કર્મચારીઓ વિશેની વિગતો સિવિક સેન્ટરમાં ઉપલબ્ધ છે કે કેમ ? તેની વિગતો માંગવામાં આવી છે.જો કે, હવે મોટા ભાગના નાગરિકો મિલકતવેરા સહિત લાઇટ બીલ, ગેસબીલ વગેરેનું પેમેન્ટ ઓનલાઇન કરી રહ્યા છે. ત્યારે સિવિક સેન્ટરોમાં ગેસબીલ સ્વીકારવાની રાજ્ય સરકારની આ પહેલને કેટલી સફળતા મળશે તે ભવિષ્ય જ બતાવશે.


# જિલ્લાના ૫૭૩ ગામોમાં ડ્રોન સર્વે પૂર્ણ

## ૫૦૦ ગામોમાં પ્રમોલગેશન પ્રક્રિયા સંપન્ન; અત્યાર સુધીમાં ૫૬,૮૮૨ પ્રોપર્ટી કાર્ડ કરાયા તૈયાર

રાજકોટ, તા. ૧૯

ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી તંત્રની કામગીરી વધુ અસરકારક બને અને સાથે સામાન્ય માણસોની સુખાકારી વધે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આગવા અભિગમ સાથે અનેક પ્રોજેક્ટ-યોજના અમલી બનાવી છે. આવી જ એક યોજના એટલે સ્વામિત્વ. જેમાં ગામડામાં ડ્રોનથી મિલકતોનું સર્વેક્ષણ કરીને પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુશાસનમાં આ યોજનાનો પ્રભાવશાળી રીતે અમલ થઈ રહ્યો છે. આ યોજનાની અમલવારીમાં રાજકોટ જિલ્લો અગ્રેસર રહીને કામગીરી કરી રહ્યો છે.

મહેસૂલી સુધારાઓમાં સ્વામિત્વ યોજના ક્રાંતિકારી છે. જિલ્લા નિરીક્ષક, જમીન દફતર કચેરી, રાજકોટના નૈમેષ પટેલના જણાવ્યા મુજબ, રાજકોટ જિલ્લાના રાજકોટ, પડધરી, લોધિકા, જસદણ, વિંછીયા, જામકંડોરણા, ધોરાજી, ગોંડલ, કોટડાસાંગાણી, જેતપુર અને ઉપલેટા સહિતના તમામ ૧૧ તાલુકાઓના કુલ ૫૭૩ ગામોમાં ડ્રોન સર્વેની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરી દેવામાં આવી છે. સર્વે ઓફ ઈન્ડિયા તરફથી ૫૧૪ ગામોના નકશા પ્રાપ્ત થયા છે.



જેમાંથી ૫૦૬ ગામોમાં ચકાસણી પૂર્ણ કરી દેવામાં આવી છે.

બાદમાં નિયમાનુસાર અન્ય પ્રક્રિયાઓ કરીને કુલ ૫૦૦ ગામોમાં પ્રમોલગેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૬,૮૮૨ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ પ્રોપર્ટી કાર્ડની કામગીરી રાજકોટ તાલુકામાં ૧૦,૧૨૯ અને ત્યારબાદ ઉપલેટા તાલુકામાં ૭,૧૪૨ થયેલી છે. જિલ્લામાં આ યોજનાનો સીધો લાભ ગ્રામજનોને મળી રહ્યો છે. આ કામગીરી થકી ગ્રામ્ય નાગરિકોને પ્રોપર્ટીકાર્ડ રૂપે તેમની મિલકતના અધિકારો મળે છે. જેનો ઉપયોગ તેઓ લોન લેવા તથા અન્ય કાયદેસરના કાર્યો માટે કરી શકે છે.

નોંધનીય છે કે, 'સ્વામિત્વ' (જીઅખઈઝઅ) એટલે સર્વે ઓફ વિલેજીસ આબાદી એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયાઝ. આ કેન્દ્ર સરકારની એક એવી યોજના છે, જેમાં ગામડામાં ડ્રોનથી મિલકતોનું સર્વેક્ષણ કરીને, ગામલોકોના પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે. આ સાથે, દરેક ગામ માટે જી.આઈ.એસ. આધારિત નકશા તૈયાર કરવામાં આવે છે. આ સર્વે થકી ગ્રામીણ આયોજન માટે જમીન રેકોર્ડ સચોટ બનાવવા, મિલકત વેરા નક્કી કરવા, સર્વે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને જી.આઈ.એસ. નકશા બનતા અન્ય કોઇ પણ સરકારી વિભાગ તેમના ઉપયોગમાં પણ લઈ શકશે. ગામના સંપત્તિ વિવાદ અને કાનૂની કેસોમાં ઘટાડો થશે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની જોગવાઈ મુજબ મિલકત ધારક પાસેથી રૂ. ૨૦૦ની સર્વે ફી લઈને આપવામાં આવતી સનદ ગ્રામીણ મિલકત ધારકોને નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયને પરિણામે હવે રાજ્યમાં 'સ્વામિત્વ' યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' પણ વિના મૂલ્યે મળી રહી છે.

# રાઈઝિંગ રાજકોટ ૧૫ જાન્યુ. સુધી લંબાવાયું

## શહેરી વિકાસ યાત્રાની સાથે ૨૦ વર્ષની યશોગાથા પ્રદર્શનને મળ્યો જબ્બર પ્રતિસાદ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી રેસકોર્ષ ખાતે રાજકોટની શહેરી વિકાસ યાત્રા-૨૦ વર્ષની યશોગાથા પ્રદર્શનનો શુભારંભ તા.૨૨ નવેમ્બરના રોજ કરવામાં આવેલ. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્ષ ખાતે રાજકોટની શહેરી વિકાસ યાત્રા-૨૦ વર્ષની યશોગાથા પ્રદર્શનનું ૨૧ ડિસેમ્બર સુધી આયોજન કરવામાં આવેલ. શહેરીજનોના અભૂતપૂર્વ પ્રતિસાદને પગલે પ્રદર્શન આગામી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવાયું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત રાઈઝિંગ રાજકોટ પ્રદર્શન શહેરના સર્વાંગી વિકાસની છેલ્લા ૨૦ વર્ષની ગૌરવગાથાને રજૂ કરતું એક અનોખું અને ભવ્ય આયોજન બની રહ્યું છે. પ્રદર્શનને શહેરીજનો, વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, વિવિધ સંસ્થાઓ તથા મહેમાનો તરફથી મળતા ઉત્સાહજનક અને અભૂતપૂર્વ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને આ પ્રદર્શન હવે આગામી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬




સુધી શરૂ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પ્રદર્શન દ્વારા રાજકોટ શહેરે છેલ્લા બે દાયકામાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રસ્તા-ડ્રેનેજ, પાણી પુરવઠો, સ્વચ્છતા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, આરોગ્ય, શિક્ષણ, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, પર્યાવરણ, ડિજિટલ સેવાઓ, જાહેર સુવિધાઓ તેમજ શહેરી સુશાસનના ક્ષેત્રોમાં કરેલા વિકાસ કાર્યોને વિગતવાર રીતે રજૂ કરવામાં આવ્યા છે. આધુનિક ટેકનોલોજી, ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો, મોડેલ્સ, ફોટોગ્રાફ્સ અને માહિતીપ્રદ પ્રેઝન્ટેશન દ્વારા શહેરના વિકાસયાત્રાને સરળ અને રસપ્રદ રીતે દર્શાવવામાં આવી છે. પ્રદર્શનની ખાસ વાત એ છે કે અહીં માત્ર વિકાસ કાર્યોનું પ્રદર્શન જ નહીં પરંતુ ભવિષ્યના રાજકોટની દિશા અને દ્રષ્ટિ પણ રજૂ કરવામાં આવી છે. આવનારા વર્ષોમાં શહેરને વધુ સ્વચ્છ, હરિયાળું, સ્માર્ટ અને નાગરિક કેન્દ્રિત બનાવવાના રોડમેપ વિશે પણ મુલાકાતીઓને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. પરિણામે, પ્રદર્શન શહેરના નાગરિકોમાં ગૌરવની લાગણી સાથે સાથે જવાબદાર નાગરિક બનવાનો સંદેશ પણ પ્રેરિત કરી રહ્યું છે.

# વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પ્રિ-ઈવેન્ટનો પ્રારંભ

## પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ કાર્યક્રમો : રાજકોટ ખાતે આયોજિત થનારી કોન્ફરન્સમાં અનેક ઉદ્યોગોને મળશે વિપુલ તક




રાજકોટ, તા. ૧૯

તત્કાલીન મુખ્યમંત્રીના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાતનો પ્રારંભ કરાવ્યો જેમાં ખૂબ સફળતા મળતા હવે આ વાઈબ્રન્ટ જિલ્લા સ્તર ઉપર કાર્યરત થાય અને અગ્રીમ ક્ષેત્રમાં વધુને વધુ રોકાણ આવે તે માટે હવે રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે રાજકોટ ખાતે આયોજિત વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સથી કચ્છ સૌરાષ્ટ્ર ના વિવિધ વિસ્તારો કે જે ઉદ્યોગ ક્ષેત્રમાં જાણીતા છે તેમને સારું પ્લેટફોર્મ મળી રહે તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

રાજકોટમાં આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્ર અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઉદ્યોગ, રોકાણ અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા જિલ્લાસ્તરીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

પોરબંદર જિલ્લામાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ-સૌરાષ્ટ્ર અંતર્ગત આજથી વિવિધ કાર્યક્રમો આરંભ થશે અને બીજા દિવસે ૨૦ તારીખે પણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. અને તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી પ્રદર્શન યોજાશે. આ તમામ કાર્યક્રમો તાજાવાળા હોલ અને નટવર સિંહજી ક્લબ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કરવામાં આવેલ છે. જેમાં બ્લૂ બાયો-ઈકોનોમી વિકાસ માટેનો રોડમેપ, એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ કોન્ક્લેવ તથા મહિલા સશક્તિકરણ માટેનું સશક્ત નારી મેળા અને પ્રદર્શન યોજાશે.દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જામ-ખંભાળિયા ખાતે આજે બપોરે ૩:૦૦ કલાકે આયોજિત કાર્યક્રમમાં પ્રભારીમંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ હાજર રહયા હતા.

ભાવનગર ખાતે ઈસ્કોન ક્લબ એન્ડ રિસોર્ટમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રભારી સચિવ તથા પ્રભારીમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિત જીઓલોજી એન્ડ માઈનીંગના કમિશનર ડો. ધવલ પટેલ (IAS)ની વિશેષ હાજરી રહી હતી. બોટાદ જિલ્લામા સવારે આયોજિત એક દિવસીય કાર્યક્રમમાં પ્રભારીમંત્રી રીવાબા જાડેજા સહિત ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર પ્રવિણા ડી કે. હાજર રહયા હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ કાર્યક્રમમા પ્રભારીમંત્રી દર્શનાબેન વાઘેલા તથા કુટિર અને ગ્રામીણ ઉદ્યોગના સેક્રેટરી અને કમિશનર આર્દ્રા અગ્રવાલ (IAS) દ્વારા પ્રાદેશિક કોન્ફરન્સ અંગે વિશેષ રજૂઆત કરવામા આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા જે ચાર ઝોનમાં પ્રાદેશિક વાઈબ્રન્ટ ગુજરાત સમિટ (કોન્ફરન્સ) યોજવાનું નક્કી કરાયું છે. તેના ભાગરૂપે ઉત્તર ગુજરાતની પ્રથમ પ્રાદેશિક વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાઈ ગયા બાદ હવે ૧૦થી ૧૨ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન રાજકોટ ખાતે બીજી વાઈબ્રન્ટ સમિટ યોજાશે. તેની વિશેષતા એ છે કે, આ સમિટનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થવાનું છે એટલે ગુજરાત સરકાર આ પ્રાદેશિક સમિટને દર બે વર્ષે યોજાતી રાજ્ય કક્ષાની વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેટલી જાજરમાન બનાવવા માગે છે અને તેની તમામ તૈયારીઓ આરંભાઈ ચૂકી છે. બુધવારે કેબિનેટની બેઠકમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, તેની વિગતવાર સમીક્ષા કરીને તમામ સંબંધિતો પાસેથી જાણકારી મેળવી હતી. ૧૦ મી થી ૧૨મી સુધી યોજાનારી વાઈબ્રન્ટ કોન્ફરન્સની તૈયારીઓના ભાગરૂપે હાલ વિવિધ શહેરોમાં આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે માત્ર રાજકોટ જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્યોગકારોને આ કોન્ફરન્સમાં ખાસો એવો લાભ મળશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# બે કોમ્યુનિટી હોલ ક્યારેય નહીં ખૂલે!

## ગુરુ ગોવિંદસિંહ હોલમાં ઈમરજન્સી ગેટ ન હોવાથી ફાયર NOC નથી મળતું : એકલવ્ય હોલ ૨૫ વર્ષ જુનો હોય જોખમી હોવાનો રિપોર્ટ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોના લોકોને સસ્તા ભાડે સુવિધા મળી રહે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. ત્યારે બે કોમ્યુનિટી હોલને કાયમી તાળાં લાગી જાય તેમ છે.

રાજકોટમાં ૨૦૨૪મા બનેલા ટીઆરપી અગ્નિ કાંડ બાદ મહાનગરપાલિકા હસ્તકની ૬૫૦ જેટલી મિલકતોમાંથી ૩૦૦ મિલકતોમાં ફાયર સેફ્ટીની સુવિધા કે ફાયર એન ઓ સી ન હોવાનાં કારણે તાળાં લગાવી દેવાયાં હતાં. આમાં ૧૮ જેટલા કોમ્યુનિટી હોલ નો પણ સમાવેશ થતો હતો.

ત્રણેય ઝોનના સિટી ઈજનેરો દ્વારા કોમ્યુનિટી હોલમાં ફાયર સેફ્ટીના સાધનો મુકવા અને ફાયર એન ઓ સી મેળવવાની પ્રક્રિયામાં જ લગભગ દોઢ વર્ષ જેવો સમય પસાર થઈ ગયા પછી હવે શહેરના મોટાભાગના કોમ્યુનિટી હોલ અને ઓડિટોરિયમ ફરી ધમધમતા થઇ ગયા છે. આમછતાં, બે કોમ્યુનિટી હોલ એવાં છે કે જેના તાળાં હજુ સુધી ખુલ્યા નથી કે સંભવતઃ ક્યારેય ખુલે તેમ નથી.

આમાં એક કોમ્યુનિટી હોલ આમ્રપાલી બ્રીજની બાજુમાં આવેલો ગુરુ ગોવિંદસિંહ હોલ છે અને બીજો



ભિલવાસમા આવેલો એકલવ્ય હોલ છે .આમ્રપાલી બ્રીજની બાજુમાં આવેલા ગુરૂ ગોવિંદ સિંહ હોલમાં ફાયર સેફ્ટીના નિયમો મુજબ સુવિધા ઉભી કરી શકાય તેમ નથી. સામાન્ય રીતે આગ લાગે ત્યારે લોકો સલામત રીતે બહાર નીકળી શકે તે માટે ઈમરજન્સી ગેટ હોવો જરૂરી છે. આવી જ રીતે ધૂમાડો સરળતાથી બહાર નીકળી શકે તે માટે જરૂરી વેન્ટિલેટર કે ખુલ્લી જગ્યા હોવી જરૂરી છે. આમ્રપાલી બ્રીજ બન્યા બાદ સર્વિસ રોડને કારણે કોમ્યુનિટી હોલમાં અવર જવર નો માર્ગ ટુંકો થઇ ગયો છે. આ કારણે વાહનોના પાર્કિંગની સમસ્યા તો વધે તેમ છે સાથોસાથ હોલમાં ઈમરજન્સી ગેટ સહિતની સુવિધા ઉભી કરી શકાય તેમ ન હોય ફાયર બ્રિગેડ દ્વારા જ્યાં સુધી ફાયર સેફ્ટી સંબંધિત તમામ સુવિધાઓ ઉભી કરવામાં ન આવે ત્યાં સુધી ગુરુ ગોવિંદસિંહ હોલ માટે ફાયર એન ઓ સી આપવાની ઘસીને ના પાડી દીધી છે. ફાયર સેફ્ટી સંબંધિત સુવિધા ઉભી કરવા માટે આ હોલનું રિનોવેશન કરી પાર્કિંગ સહિતની સુવિધા ઉભી કરવી પડે તેમ છે. જે મહાનગરપાલિકા માટે સોના કરતાં ઘડામણ મોંઘુ પડવા જેવું છે. આ કારણે ગુરુ ગોવિંદસિંહ હોલને લાંબા સમયથી લાગેલા તાળાં નજીકના ભવિષ્યમાં પણ ખુલી શકે તેમ નથી.

આવી જ હાલત સદર ભિલવાસમા આવેલા એકલવ્ય કોમ્યુનિટી હોલની છે. એકલવ્ય કોમ્યુનિટી હોલ ૨૫ થી વધુ વર્ષ જુનો છે આથી આ હોલ જર્જરિત અને જોખમી બની ગયાનો રિપોર્ટ સેન્ટ્રલ ઝોન બાંધકામ શાખાએ આપ્યો છે. આવાં સંજોગોમાં જો એકલવ્ય કોમ્યુનિટી હોલનું રિનોવેશન કરી ખુલ્લો મુકવામાં આવે તો પણ કોઈ દુર્ઘટના બને તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આથી બાંધકામ શાખાના મત મુજબ આ એકલવ્ય કોમ્યુનિટી હોલ પણ બંધ કરી દેવામાં આવ્યો છે. સંભવતઃ આ કોમ્યુનિટી હોલનું નવીનીકરણ કરવા વિચારણા ચાલી રહી છે અને ટુંક સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે.

### અન્ય ખાનગી હોસ્પિટલોને દંડ કરતી મહાનગરપાલિકાએ સિવિલ હોસ્પિટલ સામે હળવા હાથે કામ લીધું

# જાહેરમાં બાયો મેડિકલ વેસ્ટ ફેંકનાર સિવિલ હોસ્પિટલને નોટિસ, દંડ ન કરાયો

રાજકોટ, તા. ૧૯

પીડીયુ સરકારી હોસ્પિટલ દ્વારા નિયમોનો ભંગ કરીને બાયો મેડિકલ વેસ્ટ જાહેરમાં ફેંકવામાં આવતો હોવાના અખબારી અહેવાલો ના પગલે મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સિવિલ હોસ્પિટલને માત્ર નોટિસ આપીને જ સંતોષ માનવામાં આવ્યો છે. અન્ય ખાનગી હોસ્પિટલોને રૂ.૧૦ હજારની પેનલ્ટી કરતી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ સિવિલ હોસ્પિટલને શા માટે પેનલ્ટી ન કરી એ બાબત ચર્ચાનો વિષય બની ગયો છે.

લાંબા સમય અગાઉ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી હોસ્પિટલોનુ અવારનવાર ચેકિંગ કરીને જાહેરમાં બાયો મેડિકલ વેસ્ટ ફેંકનારી હોસ્પિટલને નિયમાનુસાર રૂ.૧૦ હજારનો દંડ કે પેનલ્ટી કરી નોટિસ ફટકારી હતી. આવી જ રીતે કોઈ સ્થળે બિલ્ડિંગ મટિરીયલ વેસ્ટ હોય તો પણ સંબંધિતો સામે દંડ સહિતની કામગીરી કરવામાં આવતી હતી. પણ, સ્વચ્છતા માટે રૂપિયા ૧૧૦૦ કરોડનો કોન્ટ્રાકટ આપ્યા બાદ શહેરમાં સફાઈની પરિસ્થિતિ સુધરવાને બદલે બગડી છે. જ્યાં લોકો સારવાર લેવા આવે છે




તે સરકારી પીડીયુ હોસ્પિટલ, પદ્મકુંવરબા હોસ્પિટલ કે ઝનાના હોસ્પિટલ જેવી સરકારી હોસ્પિટલો અને અનેક ખાનગી હોસ્પિટલો દ્વારા જાહેરમાં આડેધડ બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવતો હોવાછતાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા લાંબા સમયથી નોટિસ આપવાની કે પેનલ્ટી કરવાની કામગીરી કરવામાં આવતી નથી.

તાજેતરમાં સિવિલ હોસ્પિટલ દ્વારા જાહેરમાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા હોસ્પિટલના સતાધિશોને નોટિસ આપીને સંતોષ માનવામાં આવ્યો હતો. સામાન્યરીતે , બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે કાળા રંગની પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરવાનો હોય છે. પણ, સિવિલ હોસ્પિટલ દ્વારા બ્લ્યુ બેગનો ઉપયોગ કરાતો હતો. આ સામે હોસ્પિટલના સત્તાવાળાઓએ એવો લુલો બચાવ કર્યો હતો કે કાળી બેગ ખલાસ થઇ ગઇ હોય અન્ય બેગ વાપરવામાં આવે છે. સોલીડ વેસ્ટ વિભાગની ટીમે આ જવાબ સાચો માની લીધો હતો! આ ઉપરાંત નોટિસમાં બાયો મેડિકલ વેસ્ટનો કેવી રીતે નિકાલ કરવામાં આવે છે ? અને કચરો એકઠો કરવા ડસ્ટબીન છે કે કેમ ? તેવા અર્થહિન સવાલો સાથે નોટિસ આપીને કામગીરીનો સંતોષ માન્યો હતો. જો કે અન્ય હોસ્પિટલોની જેમ સિવિલ હોસ્પિટલને રૂ.૧૦ હજારની પેનલ્ટી કરવામાં ન આવતા અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે.

# ૮૬ વીજ કનેકશનોમાં ગેરરીતિઃ ૬૯ લાખનો દંડ

## એપ્રિલ-ડિસેમ્બર ૪૧,૫૮૩ વીજજોડાણો ચકાસવામાં આવતા વ્યાપક વીજચોરી ઝડપાઇ

રાજકોટ, તા. ૧૯

જરા ઘણા સમયે થી રાજકોટમાં વીજ ચોરીનું પ્રમાણ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળ્યું છે અને પરિણામ સ્વરૂપે તંત્રને કરોડોનો ચૂનો પણ લાગ્યો છે ત્યારે વીજ ચોરો સામે તંત્ર એ લાલાક કરી છે અને વિવિધ કચેરીઓના અધિક્ષક ઇજનેરો તેમ જ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં વિવિધ ટીમોનું ગઠન કરી વીજ ચોરી પકડવા માટેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને ખાસ ડ્રાઇવનું આયોજન પણ કરાયું છે જેનાથી લોકોમાં અરેરાટી વ્યાપી છે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા રાજકોટ શહેર અને જિલ્લામાં ફરી એક વખત ઉપરાઉપરી બીજી ડ્રાઇવ હાથ ધરવામાં આવી જેમાં ઇન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ આવતી રાજકોટ શહેર-૧ વિભાગીય કચેરી હેઠળની આજી-૧, મીલપરા, પ્રહલાદ પ્લોટ અને મોરબી રોડ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારો જેમકે, કુબલીયાપરા, વિજયનગર, ચુનારવાડ, લાખાજીરાજ, ઉદ્યોગનગર, માસ્તર સોસાયટી, ગુલાબનગર વિસ્તાર, ૮૦ ફૂટ રોડની આજુબાજુનો વિસ્તાર ફળા; કરણપરા, સહયોગ કોમ્પ્લેક્ષ, કનક રોડ વિસ્તાર, પ્રહલાદ પ્લોટ વિસ્તાર, ભગવતીપરા શેરી નં. ૧ થી ૩, જયપ્રકાશ નગર શેરી નં. ૧ થી ૩, વંદેમાતરમ શેરી નં. ૧ થી ૪, ધરમનગર સોસાયટી, નંદનવન સોસાયટી વગેરેમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૯ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક વગેરે મળીને કુલ ૮૮૮ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૮૬



વીજ જોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂ. ૬૯.૦૬ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.

નોંધનીય છે કે એપ્રિલ-૨૫ થી તા. ૧૮.૧૨.૨૫ ના સમયગાળા દરમિયાન રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ કુલ ૪૧૫૮૩ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૩૮૦૮ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂ. ૧૪૪૦.૪૦ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ પ્રકારની ગેરહિતિઓ ઉપર અંકુશ લાડવા માટે સમયસર યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે અને સમયાંતરે નવા વીજ કનેકશન આપ્યા બાદ શું વીજ ચોરી થાય છે કે કેમ તે અંગે જો તપાસ હાથ ધરાય તો હાલ જે વ્યાપક પ્રમાણમાં વીજ ચોરીનું પ્રમાણ ઝડપાય છે તેનું કદ ઘટી શકે. મળતી માહિતી મુજબ હાલ તંત્ર એ યોગ્ય વ્યવસ્થાઓભી કરવા માટે તમામ જરૂરી પગલાને ખાસ થી મોનો ગઠન કરવું ફરજિયાત છે.

બીજી તરફ એ વાત પણ એટલી જ મહત્વની છે કે હાલ કાયદાકીય ડંડો જે પ્રમાણે પછાડવામાં આવે અને લોકોમાં વીજ ચોરી ન કરવાની જાગૃતતા કેળવાય તે પણ એટલી જ આવશ્યક છે જેના માટે પીજીવીસીએલ દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ત્યારે હાલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ નજીક હોવાના પગલે સમગ્ર ટીમ તે દિશામાં હાલ કાર્યમાં લાગી જશે ત્યારે જરૂરી એ છે કે હાલ થોડા સમય માટે પણ જો આ પ્રકારની ઝુંબેશ વધુ તીવ્ર બનાવવામાં આવે તો અનેકવિધ જોડી પકડાઈ શકે કારણકે ઉપડાઓ પ્રીત ચોરી પકડવામાં આવે છતાં પણ હજુ ગ્રાહકો ઘેર રહેતી કરવાથી બાજ આવતા નથી જે ઘણા બધા પ્રશ્નો ઊભા કરે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે


# ઢીલી નીતિ

## દબાણ હટાવ કામગીરી પર દબાણ આવે છે કે...



રાજકોટના મોટાભાગના વિસ્તારોમાં ખડકાઇ ગયેલા દબાણો મહાકાય સમસ્યા બનીને અટ્ટહાસ્ય કરી રહ્યા છે. એકાદ-બે દબાણો હટાવીને તંત્ર પ્રસિદ્ધિ લે છે. પરંતુ, સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી.

રાજકોટનો માથાભારે ગણાતો વિસ્તાર જંગલેશ્વરમાં ગેરકાયદે ખડકાઇ ગયેલી ૫૦૦ થી વધારે મિલકતો તોડી પાડવા નોટિસ અપાયાના સમાચાર છે. નોટિસ આપવી એ વહીવટી પ્રક્રિયા છે, બહાદૂરી નથી. ગેરકાયદે દબાણ થવા ન દેવું એ જ બહાદૂરી ગણાય.

આશ્ચર્ય એ છે કે, માત્ર નોટિસની બજવણી કરવા માટે પણ જંગલેશ્વરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો. આ બાબત રાજકોટના માથાભારે તત્વોની ધાક અને તંત્રનો ફફડાટ સાબિત કરે છે. આજી નદી પર પુલ બનાવવામાં નડતરરૂપ દબાણો દૂર કરવા નોટિસ અપાઇ છે.

મોટો સવાલ એ છે કે, અન્ય તમામ દબાણો દૂર કરવા મહાઓપરેશન કેમ થતું નથી? દબાણ હટાવ કામગીરી સાવ ઢીલી ચાલી રહી છે. આડેધડ દબાણો થાય ત્યારે જ તેને અટકાવવાના હોય, પણ તંત્ર મૌન રહે છે. આ દબાણો નડતરરૂપ બને ત્યારે ફફડતા-ફફડતા તેને દૂર કરવા કાર્યવાહી કરે છે.

હાસ્યાસ્પદ સ્થિતિ એ છે કે, ગેરકાયદે દબાણો દૂર કર્યા બાદ ફરી એ જ સ્થળે બાંધકામો થઇ જાય છે. દબાણકારો પર કોઇની વિશેષ કૃપા હોવાનું સ્પષ્ટ લાગી રહ્યું છે.

બે દિવસ પૂર્વે રાજકોટના રૈયા વિસ્તારમાં દબાણો દૂર કર્યાની ફિશિયારી તંત્રએ મારી હતી. ઓમ રેસિડેન્સી પાસેનું દબાણ દૂર થયું તેની હકીકત જાણવા જેવી છે. એક ઢોરવાડો દૂર કરીને તંત્રએ બહાદૂરી કરી હોય તેવો દેખાવ કર્યો છે, હકીકત એ છે કે, આ સ્થાને ૪૦ દિવસ પહેલા ઓપરેશન થયું હતું. ઓપરેશન થયાના એક-બે દિવસમાં ફરી દબાણ થઇ ગયું હતું. તંત્ર માટે આ શરમજનક ઘટના નથી?

આ ઘટના માત્ર અપવાદ નથી. રૈયા વિસ્તારમાં જ ધર્મનગર પાછળ ચારેક મહિના પૂર્વે માથાભારે તત્વોના ગેરકાયદે દબાણો દૂર થયા હતા. આ સ્થાને ફરીથી પાકા બાંધકામો ખડકાઇ ગયા છે અને ખુલ્લેઆમ દારૂના વેપલા ચાલે છે. લોકો ત્રાહીમામ છે, પણ હપ્તા પહોંચાડતા હશે તેથી ગેરકાયદે બાંધકામોમાં નશાના દરિયા ઘુઘવે છે.

રાજકોટમાં દબાણ હટાવ કામગીરી મોટાભાગે હાસ્યાસ્પદ બની ગઇ છે. દબાણો અંગે આક્રમક નીતિ નહિ અપનાવાય ત્યાં સુધી કોમેડી જેવી જ કાર્યવાહી ચાલતી રહેશે. દબાણો પાછળ રાજકીય માથા અને અધિકારીઓના હિત હોવાનું પણ ચર્ચાય છે. આ બધાનો પર્દાફાશ કરીને કોઇની સાડી બાર રાખ્યા વગર દબાણો દૂર કરવા લોકોએ જ તંત્ર પર દબાણ લાવવું પડશે.


# સંસદ અનિશ્ચિત સમય માટે મુલતવી

## શિયાળુ સત્રના છેલ્લા દિવસે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી સાથે કરી વાતચીત અન્ય સાંસદો પણ રહ્યા હાજર

નવીદિલ્હી, તા. ૧૯

સંસદના બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યા હતા. શુક્રવારે, શિયાળુ સત્રના છેલ્લા દિવસે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી સંસદ ભવનમાં મળ્યા હતા, તેમની સાથે અન્ય સાંસદો પણ હતા. શિયાળુ સત્રના અંતે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમના ચેમ્બરમાં પાર્ટીના નેતાઓ અને લોકસભાના સાંસદો સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન બધા નેતાઓ પહોંચ્યા હતા. આ વાતચીત દરમિયાન, સભ્યોએ વડા પ્રધાનને નવા સંસદ ભવનમાં સમર્પિત હોલની તેમની માંગણી પર વિચાર કરવા વિનંતી કરી. જવાબમાં, એક વરિષ્ઠ મંત્રીએ ટિપ્પણી કરી કે જૂના સંસદ ભવનમાં સમાન સુવિધા અસ્તિત્વમાં છે, પરંતુ તેનો ભાગ્યે જ ઉપયોગ થતો હતો. સભ્યોએ વડા પ્રધાનને એમ પણ કહ્યું કે સત્ર ખૂબ જ ઉત્પાદક હતું, ઉમેર્યું કે તેને લંબાવી શકાયું હોત, કારણ કે મોડી રાત્રે કાયદો પસાર કરવો આદર્શ માનવામાં આવતો નથી.

હળવાશથી એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે સત્ર ટૂંકું હતું કારણ કે વિપક્ષ વિરોધ કરવાનું ચાલુ રાખતું હતું, જેના પર વડા પ્રધાને મજાકમાં ટિપ્પણી કરી હતી કે તેઓ તેમના અવાજને દબાવવા માંગતા નથી.



વડા પ્રધાને એન.કે.નો પણ આભાર માન્યો. તેમણે પ્રેમચંદ્રન જેવા સભ્યોના યોગદાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ હંમેશા ચર્ચા માટે સંપૂર્ણપણે તૈયાર રહે છે. આ બેઠક દરમિયાન પ્રિયંકા ગાંધીના સંસદીય મતવિસ્તાર, વાયનાડ પર પણ ચર્ચા થઈ હતી. આ બેઠક દરમિયાન, પ્રિયંકાએ જે કહ્યું તેના પર પીએમ મોદી હસતા જોવા મળ્યા.

શિયાળુ સત્રના છેલ્લા દિવસે, લોકસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ. જોકે, વંદે માતરમ પછી તરત જ, સ્પીકર ઓમ બિરલાએ સત્રને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું. આ દરમિયાન, ઓમ બિરલાએ કહ્યું કે સત્ર દરમિયાન ગૃહની ઉત્પાદકતા ૧૧૧ ટકા હતી. રાજ્યસભાએ ગુરુવારે રાત્રે ૧૨:૩૦ વાગ્યે ટઇ-ૠ છ્અખ ૠ બિલ પસાર કર્યું. વિપક્ષી સાંસદોએ બિલનો વિરોધ કરતા ચર્ચા દરમિયાન હંગામો મચાવ્યો. બિલ પસાર થાય તે પહેલાં સાંસદોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું અને ધરણા પ્રદર્શન કર્યું.

સંસદના શિયાળુ સત્ર દરમિયાન પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી અને કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. ગુરુવારે સંસદની કાર્યવાહી દરમિયાન પ્રિયંકાએ નીતિન ગડકરી સાથે મુલાકાતની વિનંતી કરી હતી, અને તેના થોડા સમય પછી બંને નેતાઓ મળ્યા હતા. આ બેઠક દરમિયાન, પ્રિયંકાએ તેમના મતવિસ્તાર, વાયનાડ સામેના અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી. ''જી રામ જી'' બિલ પાછલા દિવસે લોકસભામાં પસાર થયું હતું. ત્યારબાદ, ગઈકાલે રાત્રે રાજ્યસભામાં આ બિલ પસાર થયું. જોકે, વિપક્ષ આ બિલ પર ભારે હોબાળો મચાવી રહ્યું છે, અને આરોપ લગાવી રહ્યું છે કે આ યોજના બંધ કરવાથી ગરીબોને નુકસાન થશે. વિપક્ષ માંગ કરી રહ્યું છે કે આ બિલને સિલેક્ટ કમિટી પાસે મોકલવામાં આવે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ આખી રાત સંસદમાં મકર દ્વાર પર ધરણા કર્યા, અને દાવો કર્યો કે આ બિલ મહાત્મા ગાંધીનું અપમાન કરે છે.

### ડોન્કી રૂટ નેટવર્ક અને ૧૯ કરોડની સંપત્તિનો થયો પર્દાફાશ

# EDના પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ૧૩ સ્થળોએ દરોડા




નવીદિલ્હી, તા. ૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ડોન્કી રૂટ કેસમાં મોટી કાર્યવાહી કરી છે. જાલંધર સ્થિત EDએ પંજાબ, હરિયાણા અને રાજધાની દિલ્હીમાં ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા હતા. દરોડામાં મહત્વપૂર્ણ ખુલાસાઓ અને પુરાવા મળ્યા હતા. દરોડામાં સમગ્ર ડોન્કી રૂટ નેટવર્ક અને ₹૧૯ કરોડ (આશરે ૧.૯ બિલિયન) ની સંપત્તિનો પર્દાફાશ થયો હતો, જેમાં ૬ કિલો સોનાના બિસ્કિટ અને ૩૧૩ કિલો ચાંદીનો સમાવેશ થાય છે. દરોડાઓથી પરિચિત અધિકારીઓએ જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે ''ડોન્કી રૂટ'' દ્વારા ગેરકાયદેસર ઇમિગ્રેશનમાં મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ૧૩ વ્યવસાયિક અને રહેણાંક સ્થળો પર દરોડા પાડ્યા હતા.

દરોડામાં ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને પુરાવા મળી આવ્યા હતા, જેમાં ડોન્કી રૂટ નેટવર્કનો સંપૂર્ણ વિસ્તાર છતી થયો હતો. EDએ દિલ્હીના એક ટ્રાવેલ એજન્ટના પરિસરમાંથી આશરે ₹૪.૬૨ કરોડ રોકડા, ૩૧૩ કિલો ચાંદી અને ૬ કિલો સોનાના બિસ્કિટ જપ્ત કર્યા હતા. તેમની કુલ બજાર કિંમત આશરે ₹૧૯.૧૩ કરોડ અંદાજવામાં આવી હતી. ગધેડાના વ્યવસાયમાં સામેલ અન્ય વ્યક્તિઓ સાથેની વાતચીત અને અન્ય ગુનાહિત પુરાવા પણ મળી આવ્યા હતા.

એ જ રીતે, હરિયાણામાં એક મુખ્ય ગધેડા રૂટ પ્લેયરના નિવાસસ્થાન પરથી આ ગેરકાયદેસર વેપાર સંબંધિત અસંખ્ય રેકોર્ડ અને દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે તેણે લોકોની મિલકતના દસ્તાવેજો તેમના પૈસા માટે સુરક્ષા તરીકે રાખ્યા હતા અને તેમને મેક્સિકો થઈને યુનાઇટેડ સ્ટેટ્સ મોકલ્યા હતા. અન્ય આરોપીઓના પરિસરમાંથી અસંખ્ય ગુનાહિત દસ્તાવેજો અને મોબાઇલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના જલંધર ઝોનલ ઓફિસ દ્વારા ગધેડા રૂટ નેટવર્કની ચાલી રહેલી તપાસના ભાગ રૂપે દરોડા પાડવામાં આવ્યા હતા જે કથિત રીતે ભારતીયોને ગેરકાયદેસર રીતે વિદેશમાં, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં મોકલે છે. ''ગધેડો'' અથવા ''ડંકી'' શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે સ્થળાંતર કરનારાઓ દ્વારા અન્ય દેશોમાં પ્રવેશવા માટે કરવામાં આવતી લાંબી, કઠિન અને ગેરકાયદેસર મુસાફરીનો સંદર્ભ આપવા માટે થાય છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં લશ્કરી કાર્ગો વિમાનમાં આશરે ૩૩૦ ભારતીય નાગરિકોને અમેરિકાથી બળજબરીથી ભારત મોકલવામાં આવ્યા બાદ દાખલ કરાયેલી અનેક FIR બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, તપાસમાં બહાર આવ્યું છે કે ડિપોર્ટેડ લોકોને એક જટિલ, બહુ-સ્તરીય નેટવર્ક દ્વારા ''ડંક'' રૂટ દ્વારા યુએસ મોકલવામાં આવ્યા હતા. આ સાંકળમાં કથિત રીતે ટ્રાવેલ એજન્ટો, વચેટિયાઓ, કહેવાતા ડંકર્સ, વિદેશી હેન્ડલર્સ, હવાલા ઓપરેટરો અને મુસાફરીના વિવિધ તબક્કામાં રહેઠાણ અને લોજિસ્ટિક્સ સપોર્ટ પૂરો પાડતા લોકો સામેલ હતા.

# રાંચી-લખનૌ-કાશ્મીરમાં નીતીશકુમાર વિરુદ્ધ FIR

## ડોક્ટર નુસરત પરવીનનો હિજાબ ઉતારવાના કૃત્યને લઈને વિવાદ વકર્યો


નવીદિલ્હી, તા. ૧૯

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા મુસ્લિમ ડોક્ટર નુસરત પરવીનનો હિજાબ ઉતારવાના કૃત્યને લઈને વિવાદ વધતો જ રહ્યો છે. નીતિશ કુમારના કૃત્યનો વિરોધ માત્ર બિહારમાં જ નહીં પરંતુ દેશભરમાં થઈ રહ્યો છે, મહિલાઓ અને માનવાધિકાર માટે કામ કરતી અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ચિંતા વ્યક્ત કરી રહી છે. જેમ જેમ વિવાદ વધતો જાય છે, તેમ તેમ નીતિશ કુમાર મુશ્કેલીમાં મુકાઈ રહ્યા હોય તેવું લાગે છે. નીતિશ કુમારના કૃત્યની સખત નિંદા કર્યા પછી, કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીની પુત્રી ઈલ્તિજા મુફતી તેમના વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવા માટે કોઠીબાગ પોલીસ સ્ટેશન ગઈ હતી. રાંચી અને લખનૌમાં નીતિશ કુમાર વિરુદ્ધ અગાઉ એફઆઈઆર નોંધાઈ છે. બિહાર સહિત દેશના વિવિધ ભાગોમાં પણ તેમના વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે.

ઈલ્તિજા મુફતી ફરિયાદ નોંધાવવા માટે પીડીપી ઓફિસથી કૂચ કરવા માંગતી હતી. કડક પોલીસ સુરક્ષા વ્યવસ્થાએ કૂચ અટકાવી હતી, પરંતુ પોલીસે ઈલ્તિજા સાથે લોકોના નાના જૂથને પોલીસ સ્ટેશન જવાની મંજૂરી આપી હતી. ઈલ્તિજાએ કહ્યું કે ભાજપના અન્ય નેતાઓએ પણ નીતિશ કુમારના નિવેદનને સમર્થન આપ્યું છે, ગિરિરાજ સિંહે મુસ્લિમોને નર્કમાં જવા માટે પણ કહ્યું છે, અને પૂછ્યું છે કે, ''આપણે મુસ્લિમો નર્કમાં કેમ જવા જોઈએ?'' અગાઉ, રાંચીમાં, ઝારખંડ મુસ્લિમ યુવા મંચના સભ્યોએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારનો પુતળો બાળ્યો હતો, જેમાં ''ભારત મહિલાઓનું અપમાન સહન નહીં કરે.'' ના નારા લગાવ્યા હતા. રાંચીમાં તેમની સામે FIR પણ દાખલ કરવામાં આવી હતી.



વિરોધ પક્ષો અને મુસ્લિમ સમુદાયના સંગઠનોએ મુખ્યમંત્રી નીતિશ કુમારને પીડિતાની બિનશરતી માફી માંગવાની માંગ કરી હતી. આ ઘટનાથી દુઃખી પીડિતાએ બિહાર મેડિકલ સર્વિસમાં જોડાવાનો નિર્ણય લીધો છે. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર દેખરેખ સંસ્થા, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે, મુસ્લિમ મહિલાના હિજાબ ઉતારવાના મુખ્યમંત્રીના કૃત્ય પર ચિંતા વ્યક્ત કરી છે. દરમિયાન, પ્રખ્યાત કવિ મુનવ્વર રાણાની પુત્રી કાર્યકર્તા સુમૈયા રાણાએ લખનૌના કૈસરબાગ પોલીસ સ્ટેશનમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર અને સંજય નિષાદ વિરુદ્ધ FIR નોંધાવી છે. સુમૈયા રાણાએ કહ્યું કે આ ઘટના સમાજ માટે ખતરનાક મિસાલ સ્થાપિત કરે છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા મુસ્લિમ ડોક્ટર નુસરત પરવીનનો હિજાબ ઉતારવાના કૃત્યને લગતો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. આ ઘટનાનો દેશભરમાં જોરદાર વિરોધ થયો છે; રાંચી, લખનૌ અને કાશ્મીરમાં તેમની સામે ફરિયાદો નોંધાઈ છે.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ

## પંજાબથી બિહાર સુધી ગાઢ ધુમ્મસ : દિલ્હી રેડ એલર્ટ પર : રેલ, માર્ગ અને હાઈવે ટ્રાફિકમાં વિક્ષેપ પડવાની ચેતવણી

નવીદિલ્હી, તા. ૧૯

ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે. શુક્રવારે સવારે ઉત્તર ભારતના અનેક રાજ્યો ધુમ્મસથી ઘેરાયેલા રહ્યા. પંજાબથી બિહાર સુધી ગાઢ ધુમ્મસ ફેલાયું હતું, જેના કારણે દ્રશ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. પરિણામે, ભારતીય હવામાન વિભાગ (IMD) એ દિલ્હી માટે રેડ એલર્ટ જારી કર્યું છે, ધુમ્મસને કારણે રેલ, માર્ગ અને હવાઈ ટ્રાફિકમાં વિક્ષેપ પડવાની ચેતવણી આપી છે. IMD અધિકારીઓએ જણાવ્યું હતું કે સેટેલાઇટ છબીઓમાં હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરપૂર્વીય મધ્ય પ્રદેશ અને બિહારમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું છે.

સવારે ૫:૩૦ વાગ્યે, ઉત્તર પ્રદેશના બરેલી, સહારનપુર, આગ્રા અને ગોરખપુરમાં દ્રશ્યતા શૂન્ય મીટર નોંધાઈ હતી; પંજાબના અમૃતસર, ભટિંડા, અંબાલા, લુધિયાણા



અને આદમપુર; હરિયાણાના અંબાલા; દિલ્હીના સફદરજંગ; બિહારમાં ભાગલપુર; મધ્ય પ્રદેશમાં ગ્વાલિયર; અને ઝારખંડના ડાલ્ટનગંજ. હવામાન વિભાગે દિલ્હી માટે રેડ એલર્ટ જારી કર્યું છે, ચેતવણી આપી છે કે ધુમ્મસ કેટલાક એરપોર્ટ પર કામગીરીમાં વિક્ષેપ પાડી શકે છે. હાઈવે અને રેલ્વેને પણ અસર થઈ શકે છે.

દરમિયાન, શુક્રવારે, દિલ્હી-એનસીઆરમાં હવા ગુણવત્તા સૂચકાંક (AQI) પણ ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં રહ્યો, જે લગભગ ૩૮૨ હતો. અધિકારીઓનું માનવું છે કે AQI શનિવાર સુધી ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં રહેશે અને રવિવારે તે ''ગંભીર'' શ્રેણીમાં પણ વધુ ખરાબ થઈ શકે છે. હવામાન વિભાગે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. જે જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે તેમાં અલીગઢ, બાગપત, બરેલી, બિજનૌર, આગ્રા, મથુરા, મેરઠ, મુરાદાબાદ, મુઝફ્ફરનગર, બુલંદશહેર, એટા, ફિરોઝાબાદ, ગૌતમ બુદ્ધ નગર, હાથરસ, પીલીભીત, રામપુર, ઈટાવા, ગાઝિયાબાદ, હાપુર, સહારનપુર, શાહજહાંપુર અને શામલીનો સમાવેશ થાય છે.

ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર અને હરિદ્વાર અને પંજાબના અમૃતસર, ગુરદાસપુર, પટિયાલા, ફતેહગઢ સાહિબ અને સંગરૂર માટે પણ ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે વાહન ચલાવવામાં મુશ્કેલીઓ અને વધતા માર્ગ અકસ્માતો અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગે એમ પણ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી ગુલ થવાની સંભાવના છે. હવામાન વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સતર્ક રહેવા અને સાવચેતી રાખવા વિનંતી કરી છે. હવામાન વિભાગે વાહન ચલાવતી વખતે અથવા કોઈપણ વાહનવ્યવહાર દ્વારા મુસાફરી કરતી વખતે સાવધાની રાખવાની વિનંતી કરી છે. હવામાન વિભાગે લોકોને વાહન ચલાવતી વખતે ફોગ લાઇટનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. રસ્તા અને ટ્રાફિકની સ્થિતિ તપાસવા, મુસાફરીની યોજનાઓ માટે એરલાઇન્સ, રેલ્વે અને રાજ્ય પરિવહન અધિકારીઓનો સંપર્ક કરવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ જણાવે છે કે જ્યારે દ્રશ્યતા શૂન્ય અને ૫૦ મીટર વચ્ચે હોય છે, ગાઢ ધુમ્મસ ૫૧ અને ૨૦૦ મીટર વચ્ચે હોય છે, મધ્યમ ધુમ્મસ ૨૦૧ અને ૫૦૦ મીટર વચ્ચે હોય છે, જ્યારે હળવા ધુમ્મસને હળવા ધુમ્મસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જ્યારે દ્રશ્યતા ૫૦૧ અને ૧,૦૦૦ મીટર વચ્ચે હોય છે.

**એકત્રીસમી આવી રહી છે ત્યારે સપ્લાયરો, બૂટલેગરો બમણા જોરથી આવ્યા મેદાને**

# પસ્તીના બોક્સમાંથી નીકળ્યો લાખોનો દારૂ!

## ક્રાઈમ બ્રાંચે માધાપર ચોકડી મૈસુર ભગત ચોકમાંથી ટ્રક પકડ્યો તેમાં પસ્તીઓ વચ્ચે છુપાવેલો હતો સાડા અઢાર લાખનો દારૂ! બીજી તરફ પોલીસથી બચવા બે શખ્સ સુટકેશો ભરી ગોવાથી માલ લાવ્યા પણ ગ્રાહકો સુધી ન પહોંચ્યો

રાજકોટ, તા. ૧૯


વીતી રહેલા વર્ષને બાય બાય કરવા અને આવનારા વર્ષને વધાવવા એકત્રીસમી ડિસેમ્બરની ઉજવણી થવાની છે. જો કે અલગ અલગ રીતે લોકો ઉજવણી કરતાં હોય છે. પણ અનેક એવા હોય છે જે દારૂ ઢીંચ્યા વગર આ ઉજવણી કરી શકતા નથી. જેથી આવા પ્યાસીઓ કે જે પરમીટ નથી ધરાવતાં તે ગેરકાયદેસર દારૂ શોધવા હડીયુ કાઢતાં થઈ જાય છે. આવા પ્યસીઓને ધરવી દેવા બૂટલેગરો, સપ્લાયરો ખટારામોઢે માલ બહારના રાજ્યમાંથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અલગ અલગ નુસ્ખાનો ઉપયોગ કરી ઘુસાડતા હોય છે. આવો જ એક વધુ નુસ્ખો ક્રાઈમ બ્રાંચે નાકામ-નિષ્ફળ બનાવ્યો છે. માધાપર ચોકડી નજીક એક આઈશર ટ્રક ઝડપી લેવાયો હતો. જેમાં પસ્તઓના બોક્સ અંદર અધધધ અઢાર લાખ બોંતેર હજારની કિમતના વિદેશી દારૂના ચપલાઓનો જથ્થો છુપાવેલો હતો.

વિગતો પર નજર કરીએ તો દારૂની રેલમછેલ રોકવા શહેર પોલીસ વધુ સક્રિય બની છે. આ દરમિયાન બૂટલેગરોના નવીનત્તમ કારસાનો ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. આઈશર ટ્રકમાં છાપાની પસ્તીના બોક્સની અંદર છુપાવેલો ૧૮.૩૨ લાખનો દારૂ માધાપર ચોકડી નજીક મૈસુર ભગત ચોકમાં પકડી લેવાયો છે. ટ્રક સાથે નડીયાદના બે શખ્સને દબોચી લેવાયા છે. આ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનારા રાજકોટના બૂટલેગરના નામ ખુલતાં શોધખોળ થઈ રહી છે. દારૂ, વાહન મળી કુલ રૂપિયા૨૮,૮૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. દારૂની હેરફેર અટકાવવા ક્રાઈમ બ્રાંચની ટીમ તપાસમાં હતી ત્યારે એએસઆઈ અમિતભાઈ અગ્રાવત, હેડકોન્સ. દિલીપભાઈ બોરીચા અને કોન્સ. વિશાલભાઈ દવેને બાતમી મળતાં બેડી ચોકડીથી માધાપર ચોકડી તરફના રસ્તે મૈસુર ભગત ચોકમાં વોચ રાખી જીજે૦૩બીવાય-૯૫૫૨ નંબરનો આઈશર ટ્રક આંતરી લેવાયો હતો.

જેમાં ઠાઠામાં તપાસ કરતાં છાપા પસ્તીના બોક્સ જોવા મળ્યા હતાં. પણ બાતમી દારૂની હોઈ પોલીસે આ બોક્સ ખોલી ખોલીને જોતાં પસ્તીઓ વચ્ચે છુપાવાયેલા વિદેશી દારૂના ૧૮૦ એમએલના 'ચપલા'ઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગણતરી કરતાં રૂા. ૫,૯૯,૦૪૦ના રોયલ ચેલેન્જ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૧૯૨૦ ચપલા અને રોયલ ચેલેન્જની અન્ય બ્રાન્ડના ૧૮૦ એમએલના ૧૨,૭૨,૯૬૦ના ૪૦૮૦ 'ચપલા' મળી કુલ ૧૮ લાખ ૭૨ હજારનો દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ, ટ્રક, મોબાઈલ ફોન મળી રૂા. ૨૮,૮૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ટ્રકમાં બેઠેલા બે શખ્સની ધરપકડ કરી હતી. આ બંનેએ પોતાના નામ ધર્મેન્દ્ર ગોપાલભાઈ ઠાકોર (ઠાકોરવાસ નવા ધરા અમદાવાદી દરવાજા બહાર, નડીયાદ) અને મોહન હરજાજી ભીલ (ભીલવાસ, નવા ધરા અમદાવાદી દરવાજા બહાર, નડીયાદ જી. ખેડા) જણાવ્યા હતાં.

ક્રાઈમ બ્રાંચે આ બંનેની ધરપકડ કરી પુછતાછ કરવામાં આવતાં કબુલ્યું હતું કે ચોટીલા નજીકથી વિશાલસિંગ સુનિલસિંગ રજપૂતે આ ટ્રક પોતાને આપ્યો હતો. આ ટ્રક રાજકોટના કેતન રાઠોડને પહોંચાડવાનો હતો. પોલીસ હવે આ બંનેને શોધી રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ. એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઈ વી. ડી. ડોડીયા, એએસઆઈ અમિતભાઈ અગ્રાવત, હેડકોન્સ. દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જળુ, પ્રદિપસિંહ જાડેજા, સંજયભાઈ રૂપાપરા, દિપકભાઈ ચૌહાણ, અનુજભાઈ ડાંગર, જયરાજભાઈ કોટીલા, કોન્સ. વિશાલભાઈ દવેએ આ કામગીરી કરી હતી. મોકલનાર, મંગાવનારા ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

બીજો એક નુસ્ખો પણ જોવા જેવો છે. જેમાં ગઈકાલે નવાગામ આણંદપરમાંથી પીસીબીની ટીમે ૫૩૦૪૦ની કિંમતના ઓલ્ડ મોન્ક રમના ૧૮૦ એમએલના ૧૭૦ ચપલા સાથે બે શખ્સો કરણસિંહ ભીમાભાઈ મક્કા અને ચેતન ઉર્ફ દુડી રાજુભાઈ સોલંકીને પકડી લીધા હતાં. દારૂ વેંચી પૈસા કમાવવા માટે આ બંને ગોવા ગયા હતાં અને ત્યાંથી સુટકેશોમાં રમના ચપલાનો જથ્થો ભરી લાવ્યા હતાં. પોલીસથી બચવા બંનેએ મુસાફરનો સ્વાંગ રચ્યો હતો. પરંતુ પીસીબીની નજરમાંથી બચી શક્યા નહોતાં. આમ છેક ગોવાથી તેઓ સુટકેશોમાં રમ-દારૂનો જથ્થો લાવ્યા હતાં. હજુ પણ આગામી દિવસોમાં નવા નવા નુસ્ખાઓ, હેરાફેરીનો પર્દાફાશ થશે.






# હેડકોન્સ્ટેબલ જયપાલસિંહ ઝાલાનો ભોગ લેતો કમળો

## પોલીસ હેડક્વાર્ટરમાં રહી ત્યાં જ ફરજ બજાવતાં હતાં : ત્રણ બહેનના એકના એક ભાઈ હતાં



રાજકોટ, તા. ૧૯

શહેરના પોલીસ હેડક્વાર્ટર પોલીસ લાઈનમાં રહેતાં અને હાલ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતાં હેડકોન્સ. જયપાલસિંહ મંગળસિંહ ઝાલા કે જેમની ઉમર ચોપન વર્ષની હતી તેઓ સવારે ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારજનો, પોલીસ કર્મચારીઓમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

વધુ માહિતી જોઈએ તો મૃત્યુ પામનાર જયપાલસિંહ જાડેજા અગાઉ એસઆરપી ડોગ સ્ક્વોડમાં હતાં અને હાલ શહેર પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતાં હતાં. તે ત્રણ બહેનના એકના એક ભાઈ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. આઠેક દિવસથી કમળાની બિમારી લાગુ પડી હોઈ તેની સારવાર ચાલુ હતી. મુળ મોરબી રોડ પરના રતનપર ગામના વતની હતાં. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં પ્ર.નગર પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. બનાવથી સાથી કર્મચારીઓમાં પણ અરેરાટી વ્યાપી ગઈ હતી અને શોધ છવાઈ ગયો હતો.

## ગુરૂજીનગરના ગોપાલ અને તેના મિત્ર સંદિપ સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દાખલ થયો ઓપરેશન મ્યુલ હંટ હેઠળ ગુનો

# સાડા દસ લાખની ફ્રોડની રકમ ખાતામાં જમા કરવા દઈ ૮ હજાર કમીશન ખાધું

રાજકોટ, તા. ૧૯

બેંક એકાઉન્ટ ભાડે આપી કમિશન ખાનારાઓ વિરૂધ્ધ ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત રાજકોટમાં વધુ બે શખ્સો સામે કાર્યવાહી થઈ છે. ઓપરેશન મ્યુલ હન્ટ હેઠળ સાયબર ક્રાઈમ પોલીસે ગુરૂજીનગર આવાસ ક્વાર્ટર નં. ૩૬/૬૧૬માં રહેતાં ગોપાલ ધીરૂભાઈ પરમાર અને રાજકોટના સંદિપ પારેખ વિરૂધ્ધ હેડકોન્સ. સતિષભાઈ કોટડની ફરિયાદ પરથી ગુનો દાખલ કર્યો છે. બેંક ઓફ ઈન્ડિયાની યુનિવર્સિટી રોડ બ્રાન્ચમાં સાયબર ફ્રોડના રૂ.૧૦.૪૦ લાખ જમા થયા હતા. આ અંતર્ગત એકાઉન્ટ ધારક સાધુ વાસવાણી રોડ પર ગુરૂજીનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતા




અને હાલ શાપરમાં શીતળા માતાના મંદિર પાસે સ્થાયી થયેલા ગોપાલ ધીરૂભાઈ પરમાર અને સંદીપ પારેખ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

વિગતો જોઈએ તો તપાસ દરમિયાન રાજકોટમાં બેંક ઓફ ઈન્ડિયાની યુનિવર્સિટી બ્રાન્ચ શાખામાં એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રકમ જમા થઈ હોવાનું માલુમ પડ્યું હતું. આ એકાઉન્ટ ગોપાલ પરમારના નામે હતું. તેના ખાતામાં સંદિપ મારફત જમા થયેલા ફ્રોડના ૧૦.૪૦ લાખ એ જ દિવસે વીડ્રોલ કરી લીધા હતા. આ બાબતે પૂછતા પોતાના એકાઉન્ટમાં ક્યાંથી અને કોણે રકમ જમા કરાવી તે અંગેની પોતાને કોઈ જાણ ન હોવાનું અને આ બેંક એકાઉન્ટ હાલ ફ્રીઝ થયું હતું. આ પછી ગોપાલે આ બેન્ક એકાઉન્ટની કીટ જેમાં એટીએમ, ચેકબુક, પાસબુક, બેન્ક એકાઉન્ટમાં રજીસ્ટર સીમકાર્ડ પોતે રૂ. ૮,૦૦૦ ની લાલચમાં પોતાના પરિચિત એવા સંદીપ પારેખને ભાડે આપ્યું હોવાની કબુલાત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

**ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, જે સારા હોય છે એની દશા સારી નથી હોતી!**

# પુત્રની શાદીના વીસ દિવસ અગાઉ પિતાનું મૃત્યુ

## ગાંધીગ્રામના મુસ્લિમ પરિવારમાં માતમઃ આધેડ ભાડા કરવા નીકળ્યા ત્યારે ચાલુ રિક્ષાએ આવી ગયો હાર્ટએટેકઃ બીજા બનાવમાં બાથરૂમ પાસે પડી જતાં મહિલાનું મોતઃ બકાલુ લેવા નીકળેલા યુવાનનું હિટ એન્ડ રનમાં મૃત્યુઃ પત્નિ સાથે ઝઘડા બાદ પ્રૌઢે કરી લીધી આત્મહત્યા

રાજકોટ, તા. ૧૯

જીવન અને મૃત્યુ એ જીવતરનો એક ભાગ છે. જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચીત જ હોય છે. પરંતુ મોત ક્યારે કેવી રીતે અને કઈ જગ્યાએ આવે તે નક્કી નથી. આવી જ એક ઘટના બની છે. જેમાં ગાંધીગ્રામમાં રહેતાં રિક્ષાચાલકનું તેમના દિકરાના લગ્ન-શાદીના વીસ દિવસ અગાઉ જ ચાલુ રિક્ષાએ હૃદય ધબકારા ચુકી જવાને કારણે મૃત્યુ થયું છે. આ બનાવને પગલે પરિવારજનોની લગ્નની ખુશી માતમમાં પલ્ટાઈ ગઈ છે. બીજી ઘટનામાં એક મહિલાનું ઘરના બાથરૂમ પાસે પડી જવાથી મોત થયું છે. તો એક યુવાન બકાલુ લેવા નીકળ્યો ત્યારે કોઈ વાહનની ઠોકરે ચડી જતાં જીવ ગયો છે. તો શાપરમાં પત્નિ સાથે ઝઘડો થતાં પતિએ આપઘાત કરી લીધો હતો.

પ્રથમ કરૂણ ઘટના જોઈએ તો ગાંધીગ્રામ ગાંધીનગર-૭માં રહેતાં સાલમબીન સુલેમાનભાઈ કથીરી નામના અડતાલીસ વર્ષના આધેડ સવારે રિક્ષા લઈને જતાં હતાં ત્યારે ગાંધીગ્રામ વિતરાગ સોસાયટી જૈન દેરાસર પાસે પહોંચતા ચાલુ રિક્ષાએ હૃદય બેસી જતાં કાબુ ગુમાવતાં રિક્ષા ટેલીફોનના થાંભલામાં અથડાઈ ગઈહતી. બેભાન હાલતમાં તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કરતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. કરૂણતા એ છે કે સાલમબીન સવારે સાડા દસેક વાગ્યે રિક્ષા લઈને ભાડા કરવા માટે નીકળ્યા હતાં. આ વખતે ચાલુ રિક્ષાએ હૃદય રોગનો હુમલો આવતાં તેણે કાબુ ગુમાવતાં રિક્ષા થાંભલામાં ભટકાઈ ગઈ હતી. બનાવને પગલે લોકો ભેગા થઈ ગયા હતાં. કોઈએ ૧૦૮ બોલાવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું.

વધુ માહિતી અનુસાર તેઓ ત્રણ ભાઈ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો ફરદીન છે, જેની વીસ દિવસ પછી શાદી છે. પરિવારજનો



શાદીની તૈયારીની ખુશીમાં હતાં ત્યાં જ ઘરના મોભીનું મૃત્યુ થઈ ગયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઈએ તો મોરબી રોડ પર બ્રહ્માણી પાર્ક-૨માં રહેતાં છપ્પન વર્ષના દક્ષાબેન સુરેશભાઈ પાનસુરીયા ઘરે બાથરૂમમાં ન્હાવા જતાં શહતાં ત્યારે પડી જતાં માથામાં ઈજા થતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કર્યા હતાં. મૃત્યુ પામનાર દક્ષાબેનના પતિ ખેતી કરી ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે દિકરા છે. પગમાં ફ્રેકચર થયું હોઈ જેથી ન્હાવા જતી વખતે બેલેન્સ ગુમાવતાં પડી જતાં માથામાં ઈજા થયાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં : ટંકારામાં રહેતો ત્રીસ વર્ષનો યુવાન જોગેન્દ્ર ભરતસિંહ બંજારા ટંકારાના હીરાપર પાસે ચાલીને જતો હતો ત્યારે કોઈ વાહનનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેનું આજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. જોગેન્દ્ર ચાર ભાઈ અને એક બહેનમાં નાનો હતો અને છુટક મજૂરી કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે મુળ યુપીનો વતની હતો. શાકભાજી લેવા જતી વખતે આ અકસ્માત નડ્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરી હતી.

ચોથા બનાવમાં શાપર વેરાવળમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના આધેડ અરવિંદભાઈ ગણેશભાઈ મંડલએ ઘરે ફિનાઈલ પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. મૃત્યુ પામનાર અરવિંદભાઈ ચાર બહેન અને બે ભાઈમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરી છે. પોતે કાસ્ટીંગમાં મજૂરી કરતાં હતાં. ઘરે પત્નિ સાથે ચડભડ થતાં આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત માહિતી મળતાં શાપર પોલીસની ટીમે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

### ગઠીયાઓ એક દિવસ પણ નિરાંત લેતાં નથી અને લોકો જાગૃત થતાં નથી

# ક્રિપ્ટોમાં રોકાણના નામે બે બંધુ ૪૪ લાખ ખાઈ ગયા

## બીજા બનાવમાં રૂપિયાને ડોલરમાં બદલી આપવાના નામે ગઠીયો યુવાનને મંદિરમાં લઇ ગયો અને નવ લાખ ઉસેડી ગાયબ થઇ ગયો




રાજકોટ, તા. ૧૯

ઠગાઈની રોજેરોજ બની રહેલી નવી નવી ઘટનાઓમાં કોઇ શેર બજારમાં કમાણીના નામે, કોઇ ટાસ્કના નામે તો કોઇ ક્રિપ્ટોમાં રોકાણના નામે છેતરાઇ રહ્યા છે. આ પ્રકારના ફ્રોડ રોજ થાય છે છતાં લોકો જાગૃત થતાં નથી અને ગઠીયાઓનો શિકાર બની જાય છે. વધુ આવા બનાવમાં ક્રિપ્ટોમાં ઉંચા નફાની લાલચ આપીને બે પિતરાઇ ભાઇઓએ હીરા દલાલ પાસેથી રૂ.૪૪ લાખ પડાવી લીધા હતાં. ગઠીયાઓ અધધધ રકમનું ફ્રોડ આચરી વિદેશ ભાગી ગયા હતાં.

ઘટના પર નજર કરીએ તો વરાછાના હીરાદલાલ બાલુભાઇ રાણાભાઇ શ્યોરા પુણાગામ અષ્ટવિનાયક રેસીડેન્સીમાં રહેતા દલપતભાઇ નકુમ સાથે ચાલીસ વર્ષથી ધંધો કરતા હતા. એક સમયે દલપતભાઇએ કહ્યુ હતુંકે, તેને દિકરા ચેતન અને ભાણીયો મયુર શંભુભાઇ કાતરીયા ક્રિપ્ટો કરન્સીનું કામકરે છે તેમાં રોકાણ કરશો તો ચો નફો થશે. જેથી બાલુભાઇએ અલગ અલગ સમયે દરમિયાન વરાછા પેલેડિયમ મોલમાં આવેલી ચેતન અને મયુરની ઓફિસમાં જઇને રોકાણ માટે રૂ.૪૪ લાખ આપ્યા હતા. બાદમાં બાલુભાઇએ હિસાબ કરીને પરત માંગ્યા હતા. ત્યારે બંનેએ વિદેશમાં ધંધો કરવા જઇ રહ્યા હોવાનું કહીને સમય માંગ્યો હતો. એ પછીં ફરી પૈસાની માંગણી કરતા તેણે વાયદો કરી દુબઇ ભાગી ગયા હતા.બાલુભાઇએ બંને સામે વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાલુભાઇએ પૈસાની ઉઘરાણી કરતા ચેતનના કાકા છગનભાઇએ ત્રણ મહિનામાં પૈસા પરત અપાવવા માટેની પ્રોમિસરી નોટ લખી આપી હતી. જોકે, બાદમાં પૈસા આપવાનો ઇન્કાર કરી દીધો હતો. અંતે ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

બીજી ઘટના અમદવાદાની છે. ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ માટે ગયેલો યુવક ઇન્ડિયા પરત આવ્યો, ત્યારે યુવકને રૂપિયા આપી ડોલર લેવાના હતાં. યુવકના પરિચિત વ્યક્તિએ યુવકને કહ્યું હતું કે કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે મારા ઓળખીતા ઘણા સંતો છે. તેમને હરિભક્તો ડોલરમાં દાન આપે છે, જેથી તમે રૂપિયા લઇ મંદિર આવી જજો. યુવક ૯.૭૦ લાખ રૂપિયા લઈને કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે ગયો હતો. યુવકને ઓળખીતા વ્યક્તિએ ડોલર આપવાનું કહીને ૯.૭૦ રૂપિયા લઈ લીધા હતા અને પૈસા લઈને ગઠિયો ફરાર થઈ ગયો હતો. આ અંગે યુવકે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ અમદાવાદના થલતેજમાં રહેતા વિપુલ ભાવસારે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વિપુલભાઈનો ૨૬ વર્ષનો દીકરો વિશ્વ ભાવસાર બે વર્ષથી ઓસ્ટ્રેલિયા ખાતે અભ્યાસ કરે છે. વેકેશન હોવાથી વિશ્વ ઇન્ડિયા આવ્યો હતો. વિશ્વને મુંબઈમાં ફેનિલ પટેલ નામના યુવક સાથે સંપર્ક થયો હતો. ફેનિલે વિશ્વને કહ્યું હતું કે, ડોલરમાં ફી ભરવી હોય તો મને જાણ કરજો, જેથી વિશ્વએ ઓસ્ટ્રેલિયા જતા પહેલા ફેનિલને ભારતીય રૂપિયાની જગ્યાએ ડોલરની જરૂર છે તે જણાવ્યું હતું.

ત્યારે ફેનિલે કહ્યું હતું કેકાલુપુર ખાતે સ્વામિનારાયણ મંદિરમાં મારા ઓળખીતા ઘણા સંતો છે. વિદેશથી આવતા હરિભક્તોને ડોલરમાં દાન આપે છે. જેથી આપણે રૂપિયા આપી સંતો પાસેથી ડોલર લઈ લઈશું. વશ્વ તેના પિતા વિપુલભાઈ સાથે કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે ગયો હતો. વિશ્વ તેની સાથે ૯.૭૦ લાખ રૂપિયા લઈને આવ્યો હતો. વિશ્વને ત્યાં ફેનિલ મળતા ફેનિલે ૯.૭૦ લાખ રૂપિયા લીધા હતા અને કહ્યું હતું કે હું તમને સ્વામી સાથે મુલાકાત કરાવું છું, ત્યાં સુધી મંદિરમાં દર્શન કરી આવો.

વિશ્વ મંદિરમાં દર્શન કરવા ગયો લાંબા સમય સુધી ફેનિલ પરત આવ્યો ન હતો. વિશ્વાસે ફેનિલને ફોન કર્યો ત્યારે ફેનિલે ફોન ઉઠાવ્યો નહતો. ઘણી શોધખોળ કર્યા બાદ પણ ફેનિલ મળી આવ્યો નહતો, જેથી વિશ્વના પિતા વિપુલભાઈએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફેનિલ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ છે.

# નવલનગરના છાપેલા કાટલા ભુરીને પાસામાં ધકેલાયો

## ચોરીઓ, મંદિર ચોરીઓ, લૂંટ સહિતના અનેક ગુના છે આ શખ્સના નામેઃ યુનિવર્સિટી પોલીસે કરી બજવણી






રાજકોટ, તા. ૧૯

વારંવાર એકના એક સરખા ગુનાઓ આચરવા માટે જાણીતા છાપેલા કાટલા જેવા શખ્સને વધુ એક વખત પાસા હેઠળ જેલમાં મોકલી દેવાયો છે. શહેરના નવલનગર-૨માં બંધ શેરીમાં ચામુંડા કૃપા ખાતે રહેતો અને ચોરી, લૂંટ સહિતના ગુનાઓનો લાંબો ઈતિહાસ ધરાવતો મેહુલ ઉર્ફ મામો ઉર્ફ ભુરી ધનજીભાઇ જેઠવાને પાસા તળે વડોદરા જેલ હવાલે કરાયો છે. આ શખ્સ તાજેતરમાં યુનિવર્સિટી પોલીસ, માલવીયાનગર પોલીસ અને પ્ર.નગર પોલીસમાં એક પછી એક ચાર મિલ્કત વિરોધી ગુનામાં પકડાયો હતો. અગાઉ પણ ચોરી, લૂંટ, મંદિરમાં ચોરીઓ, દેરાસરમાં હુમલો કરી લૂંટ સહિતના ગુનાઓમાં સંડોવાઇ ચુક્યો હતો.

નામીચા મેહુલ ઉર્ફ ભુરીને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરીને મુકવામાં આવી હતી. જે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી વડોદરા જેલહવાલે કરવા હુકમ કર્યો હતો. પાસા વોરન્ટ બજવણીની કામગીરી યુનિવર્સિટી ઇન્સ. એચ. એન. પરમાર, પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ જે. અને. ખટાણા, એએસઆઇ સિધ્ધરાજસિંહ ચુડાસમા, હેડકોન્સ. વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, હરેશભાઇ સારદીયા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ ટેમભા અને પીસીબીના રાજુભાઇ દહેકવાલે કરી હતી.

### ચામડાતોડ વ્યાજખોરોની ચુંગાલમાં અનેક ફસાય છે, અમુક તો ફરિયાદ પણ કરતાં નથી

# દિકરાની સારવાર માટે યુવાન વ્યાજના ભરડામાં

## એક લાખ દસ ટકે લઇ સવા વર્ષ નાણા ભર્યાઃ હવે ન ભરી શકતાં વ્યાજખોરે અસલી રંગ બતાવ્યો થોરાળાના યુવાને કંટાળીને એસિડ પી લીધુંઃ પોલીસે બોબડા નામના શખ્સ સામે દાખલ કરી FIR




રાજકોટ, તા. ૧૯

વ્યાજંકવાદના કિસ્સા સમયાંતરે સામે આવતા જ રહે છે. પોલીસ આ દૂષણને ડામવા માટે પ્રયાસો કરે છે. પરંતુ અનેક એવા કિસ્સા હોય છે જે પોલીસ સુધી પણ પહોંચતા હોતાં નથી. આ વચ્ચે એક યુવાન વ્યાજના વિષચક્રમાં ફસાઇ જતાં તેણે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. એક લાખ રૂપિયા મહિને દસ ટકાના વ્યાજે આ યુવાને નવજાત દિકરાની સારવાર માટે એક શખ્સ પાસેથી લઇ એક વર્ષ સુધી નિયમીત વ્યાજ ભરી લીધુ હતું. હાલમાં ચારેક મહિનાથી વ્યાજ ન ભરી શકતાં વ્યાજખોરે અસલી રંગ બતાવી રૂબરૂ અને ફોન પર પઠાણી ઉઘરાણી ચાલુ કરી દીધી હતી. એટલી હદે ત્રાસ આપ્યો કે અંતે યુવાન એસિડ પી વા મજબૂર થયો હતો. પોલીસે આ કિસ્સામાં ગુનો દાખલ કરી આરોપીને પકડી લેવા તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ચામડાતોડ વ્યાજના આ કિસ્સામાં નવા થોરાળા વિસ્તારમાં રહેતાં યુવાને પોણા બે વર્ષ પહેલા દિકરાની સારવાર માટે મોરબી રોડ પર રહેતાં શખ્સ પાસેથી દસ ટકા વ્યાજે રૂપિયા એક લાખ લઇ નિયમીત વ્યાજ ભર્યુ હોઇ પણ હાલ ચારેક મહિનાથી વ્યાજ ન ભરી શકતાં આ શખ્સ પઠાણી ઉઘરાણી કરી ગાળો દઇ સતત હેરાન કરી વ્યાજ, મુળ રકમની ઉઘરાણી કરતો હોઇ આ યુવાને કંટાળીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. થોરાળા પોલીસે આ બનાવમાં નવા થોરાળા કસ્તુરબા હરીજનવાસ શેરી નં. ૬/૮ના ખુણે રહેતાં ઓગણત્રીસ વર્ષના યુવાન વાલ્મિકી સાગર ધનજીભાઇ ચૌહાણની ફરિયાદ પરથી મોરબી રોડ ગિરીરાજ પાર્ટી પ્લોટ નજીક રહેતાં દેવીપૂજક શન્ની ઉર્ફ બોબડો પ્રભુભાઇ સોલંકી વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ એફઆઇઆર દાખલ કરી હતી.

ભોગ બનેલા યુવાન સાગર ચૌહાણે જણાવ્યું છે કે હું મારા પત્નિ વર્ષા ઉર્ફે શીતલ અને મારા અઢી વર્ષના દિકરા સાથે રહુ છું અને ઢેબ રોડ પર આવેલ સદ્ગુરૂ ફર્નિચરમાં છુટક મજૂરી કરતો હતો. હાલ પેલેસ રોડ પર આવેલ ઓફીસમાં દોઢેક મહિનાથી કામ કરુ છું. મારા પિતા ધનજીભાઇ, માતા લીલાબેન, નાનો ભાઇ રાહુલ, તેના પત્નિ મારી બાજુમાં જ રહેતા હતાં અને હાલ ભગવતીપરામાં રહેવા ગયા છે. પોણા બે વર્ષ પહેલા મારો દિકરો બિમાર હોઇ સારવાર માટે પૈસાની જરૂર પડતાં મેં શની ઉર્ફ બોબડો પાસેથી રૂા. એક લાખ મહિને દસ ટકાના વ્યાજથી લીધા હતાં. હું દર મહિને તેને નિયમીત વ્યાજ ચુકવતો હતો. હું અગાઉ જે ફર્નિચરની દુકાને કામ કરતો હતો ત્યાં તે આ વ્યાજની રકમ લેવા આવતો હતો.

સાગરે વધુમાં કહ્યુ કે હાલમાં છેલ્લા ચારેક મહિનાથી મારી પાસે પૈસાની સગવડ ન હોઇ હું વ્યાજ આપી શક્યો નહોતો. જેથી શની ઉર્ફ બોબડો અવાર-નવાર મારી પાસે રૂબરૂ આવીને અને ફોન કરીને વ્યાજની ઉઘરાણી કરી તેમજ મુળ રકમની પઠાણી ઉઘરાણી કરી હેરાન કરતો હતો. છેલ્લા ઘણા દિવસથી ત્રાસ વધી ગયો હોઇ જેથી મેં તાજેતરમાં ભાવનગર રોડ આરએમસી ઢોર ડબ્બાની બાજુમાં ફૂટપાથ પર એસીડ પી લીધુ હતું. એ વખતે જ મારા માતા લીલાબેનનો ફોન આવતાં મેં તેને હું એસિડ પી ગયો છું અને ઢોર ડબ્બા પાસે છું તેમ કહેતાં મારા માતા-પિતા રિક્ષા લઇને તરત આવી ગયા હતાં અને મને સારવાર માટે હોસ્પિટલે લઇ ગયા હતાં.

ત્યારે હું બોલી શકતો નહોતો અને બેભાન જેવો હતો. જેથી મેં એસિડ શા માટે પીધું તેની મારા પરિવારજનોને જાણ નહોતી. હવે સારવાર બાદ હું સ્વસ્થ થતાં મને પરિવારજનોએ પુછતાં મેં સાચી વાત જણાવી હતી. મેં એક લાખ રૂપિયાનું દસ ટકા લેખે સવા વર્ષ સુધી વ્યાજ ચુકવ્યું અને હાલ ચારેક મહિનાથી વ્યાજ ન ચુકવી શકતાં શન્ની ઉર્ફ બોબડો સતત વ્યાજ અને મુળ રકમની પઠાણી ઉઘરાણી કરી અપશબ્દો બોલતો હોઇ અને સતત ત્રાસ આપતો હોઇ જેથી મેં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમ વધુમાં સાગર ચૌહાણે જણાવતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એન. જી. વાઘેલાના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. ઘેલુભાઇ શીયારએ એફઆઇઆર નોંધી વિશેષ તપાસ આદરી હતી. આ પ્રકારના અનેક કિસ્સાઓમાં તો જે તે ભોગ બનનાર ફરિયાદ પણ કરી શકતો હોતો નથી. ડરને કારણે ધમકીઓને કારણે અને ઘણીવાર સમાજમાં આબરૂ જવાની બીકે તે ત્રાસ સહન કરતો રહેતો હોય છે.

### વિદેશ જવા ઇચ્છુકો ખુબ મોટા પ્રમાણમાં બની રહ્યા છે ગઠીયાઓનો શિકાર

# કેનેડાના વર્ક પરમીટના લોકોએ ગુમાવ્યા નાણા

## પચાસ જેટલા લોકો સાથે એક કરોડની ઠગાઇઃ બીજા બનાવમાં યુવાનને રશીયાના વર્ક પરમીટના નામે વિઝીટર વિઝા ધાબડી ચાર જણે છેતરી લીધો




રાજકોટ, તા. ૧૯

વિદેશના વિઝાના નામે અનેક લોકોને છેતરીલેવામાં આવે છે. વધુ આવા બનાવો સામે આવ્યા છે. જેમાં કેનેડાના વર્ક પરમીટના નામે પચાસ લોકોએ રૂપિયા ગુમાવી દીધા છે. બીજા બનાવમાં રશીયાના વર્ક પરમીટના વીઝાના નામે યુવાનને વિઝીટર વીઝા ધાબડીને ત્યાં મોકલી દેવાયો હતો. પરંથુ થોડા દિવસમાં જે તેને ત્યાંથી પરત આવવું પડ્યું હતું. આ મામલે ચાર ભેજાબાજોને પોલીસ શોધી રહી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરા નજીકના દશરથ ગામે રહેતા પાંચ લોકોને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહીને છેતરપિંડી કરવાના ગુનાની તપાસ દરમિયાન રૂપિયા ગુમાવનાર લોકોની સંખ્યા પચાસ થઇ ગઇ છે. જેઓના સ્ટેટમેન્ટ લેવાની કાર્યવાહી સી.આઇ.ડી. દ્વારા હ ાથ ધરવામાં આવી છે. દશરથ ગામમાં પટેલ ફળિયામાં રહેતા પાંચ લોકોને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહીને ૩૮.૭૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. જે અંગે ઋચિત રાજેશભાઇ પટેલે વડોદરા સી.આઇ. ડી.ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી તરીકે પીનાલીબેન ધવલભાઇ પટેલ (રહે. પટેલ ફળિયું, પંચાયત ઓફિસ પાસે, દશરથ ગામ) અજય વિજયનભાઇ નાયર(રહે. ભાયલી ગામ) હિમાંશુ સુરેન્દ્રનાથ રાવ (રહે. ધ વેલેન્સીયા, ગોત્રી સેવાસી રોડ, મૂળ રહે. યુ.પી.) તથા સુખવિંદરસિંગ કુલવંતસિંગ ગુલાટી (રહે. નેતાજી નગર, લુધિયાના) ને દર્શાવવામાં આવ્યા હતા.

આ ગુનાની તપાસ કરતા સી.આઇ.ડી. ક્રાઇમના પી.આઇ. એસ.જી.દેસાઇની તપાસ દરમિયાન આરોપીઓની વાતોમાં ફસાઇને રૂપિયા ગુમાવનાર વધુ ૪૫ લોકોની વિગતો મળી છે. પોલીસ દ્વારા તેઓના સરનામા મેળવી સંપર્ક શરૃ કરવામાં આવ્યો છે. તેઓના વિગતવારના નિવેદન પછી છેતરપિંડીનો આંકડો ૩૮ લાખથી વધીને એક કરોડને પાર થઇ ગઇ છે. પોલીસનું કહેવું છે કે, મુખ્ય આરોપી સુખવિન્દરસિંગ પકડાયા પછી વધુ વિગતો મળશે. છેતરપિંડીનો આંકડો જાણવા માટે આરોપીઆના બેન્ક એકાઉન્ટની વિગતો પણ મંગાવવામાં આવી છે. છેતરપિંડીના આરોપીઓએ ક્યાં રોકાણ કર્યુ છે. તે દિશામાં પણ તપાસ કરવામાં આવશે.

બીજી ઘટના જોઇએ તો વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કંડારી ગામના યુવકને રશિયામાં નોકરી અપાવવાના બહાને તેમની પાસેથી ભેજાબાજોએ ૩ લાખ રૂપિયા પડાવી લીધા હતા અને વર્ક પરમિટ વિઝાના બદલે વિઝિટર વિઝા આપીને છેતરપિંડી કરી હતી. આ મામલે ગોરવા પોલીસે ચાર આરોપી સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.કરજણ તાલુકાના કંડારી ગામના રહેવાસી જીગ્નેશકુમાર સુંદરલાલ ડાભીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમને રશિયામાં નોકરી મળવાની હતી, તેથી તેમણે પોતાના સબંધી વિનોદભાઈ મણિલાલ વણકરને આ અંગેની વાત કરી હતી. વિનોદભાઈએ તેમનો સંપર્ક વડોદરા શહેરના ગોરવા રિફાઇનરી રોડ પર લક્ષ્મીકુંજ સોસાયટીમાં રહેતા નીતિનભાઈ માનસિંહ પરમાર સાથે કરાવ્યો હતો.

ત્યારબાદ જીગ્નેશકુમાર નીતિનભાઈ પરમારને મળ્યા હતા. નીતિનભાઈએ જણાવ્યું કે, તેઓ નક્ષ વર્લ્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કામ કરે છે, જેના માલિક ભાવેશભાઈ મોહનભાઈ મકવાણા અને હિતેશભાઈ જશવંતસિંહ સોલંકી છે. રશિયાના વર્ક પરમિટ માટે ૩ લાખ રૂપિયા ખર્ચ થશે અને ત્યાં ૭૦ હજારથી ૧ લાખ રૂપિયા પગાર મળશે તેવું કહી તેમનો વિશ્વાસ મેળવ્યો હતો. વિશ્વાસમાં આવીને જીગ્નેશકુમારે પાસપોર્ટ સહિત જરૂરી દસ્તાવેજો નીતિનભાઈને આપ્યા હતા. નીતિનભાઈએ દસ દિવસમાં વિઝા થઈ જશે તેવું કહ્યું હતું. એક અઠવાડિયા પછી નીતિનભાઈ અને વિનોદભાઈએ વોટ્સએપ પર ઈ-વિઝા લેટર મોકલી વિઝા આવી ગયો છે તેમ જણાવ્યું હતું અને ત્રણ લાખ રૂપિયા ભરવા કહ્યું હતું.પછી ટીકીટ અપાઇ હતી. રશિયા પહોંચ્યા પછી કંપનીના માલિક હિતેશભાઈ સોલંકીએ હોટલ બુકિંગ કરાવવાનું કહ્યું હતું, પરંતુ તેઓએ કોઈ વ્યવસ્થા કરી નહોતી. હિતેશભાઈએ તેમના એજન્ટ અરુણ વર્મા સાથે સંપર્ક કરાવ્યો હતો, જેણે જીગ્નેશકુમારને અલગ-અલગ જગ્યાએ રાખ્યા હતા, પરંતુ કોઈ નોકરી આપી નહોતી. પાછળથી ખબર પડી હતી કે, વર્ક પરમિટ વિઝાના બદલે વિઝિટર વિઝા કરી આપવામાં આવ્યો હતો, જેના કારણે નોકરી તેમજ રહેવાની સુવિધા મળી નહોતી. પરત ફર્યા પછી છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

### એક જ સરખા નુસ્ખાથી છેતરી રહ્યા છે ગઠીયા છતાં સરળતાથી ફસાઇ રહ્યા છે લોકો

# RTO ચલણની ફાઈલથી વૃધ્ધના ૧૯ લાખ ઉસેડાયા

## ગઠીયાએ મોકલેલી એપીકે ફાઇલ ઓપન કરતાં જ બેંકના નામે ફોન આવ્યો, વૃધ્ધનું ખાતુ જોગાનુ જોગ એ જ બેંકમાં હોય સાચુ માની કેવાયસી અપડેટના નામે વિગતો આપી દીધી અને નાણા ગયા

રાજકોટ, તા. ૧૯

એક જ પ્રકારના નુસ્ખાનો તરકીબનો ઉપયોગ કરી ગઠીયા ફ્રોડ આચરતા હોવા છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી સરળતાથી ગઠીયાઓ પોતાના ગજવા ભરી લેવામાં સફળ થઇ રહ્યા છે. આરટીઓ ઇ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલી વધુ એક લાખોનું ફ્રોડ આચરાયું છે. જેમાં કંપનીમાંથી નિવૃત થયેલા વૃધ્ધ સાથે આ પ્રકારનું સાયબર ક્રાઇમ આચરી એપીકે ઇ-ચલણના નામે અઢાર લાખ બોંતેર હજાર પડાવી લેવાયા છે.

વિગતો પર નજર કરીએ તો આ વખતે એક વૃધ્ધ આરટીઓ ઇ-ચલણના નામે શિકાર બન્યા છે. આ વૃધ્ધ રાજધાની ગાંધીનગરના વતની છે. અહિના શેરથા ખાતે રહેતા અને ઈફકો કંપનીમાંથી નિવૃત્ત થયેલા એક વૃદ્ધ સાથે સાયબર ક્રાઈમની ચોંકાવનારી ઘટના બની છે. જેમાં ગઠિયાઓએ આરટીઓ ચલણ ભરવાના બહાને મોબાઈલ હેક કરી અને બેંક મેનેજરની ઓળખ આપી ૧૮.૭૨ લાખની માતબર રકમની છેતરપિંડી આચરી છે. જે અંગે રેન્જ સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. હાલમાં સાયબર ક્રાઇમની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે મોબાઇલમાં આરટીઓ ચલણના નામે ફાઈલ મોકલીને બેંક ખાતુ ખાલી કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર નજીક આવેલા શેરથા કસ્તુરીનગરમાં રહેતા વૃદ્ધ પણ આ જ પ્રકારની છેતરપિંડીનો ભોગ બન્યા હતા.

પોલીસ સુત્રો તરફથી મળતી વિગતો પ્રમાણે વૃદ્ધ સોમાભાઈ કાનાભાઈ પ્રજાપતિના મોબાઈલ પર વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલણ ભરવા માટેની એક એપીકે ફાઇલ આવી હતી. સોમાભાઈએ અજાણતા આ ફાઇલ ઓપન કરી હતી. ત્યારબાદ એ જ દિવસે સાંજે તેમને એક નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાની ઓળખ ઇન્ડિયન ઓવરસીઝ બેંકમાંથી મિશ્રા વાત કરું છું તેમ આપી હતી અને કેવાયસી અપડેટ કરવા માટે જણાવ્યું હતું. જોગાનુજોગ સોમાભાઈની બેંક શાખાના મેનેજરનું નામ પણ મિશ્રા હોવાથી તેમને વિશ્વાસ આવી ગયો હતો કે આ કોલ બેંકમાંથી જ છે.

આ રીતે ગઠિયાઓએ વિશ્વાસમાં લઈને સોમાભાઈ પાસેથી તેમના ડેબિટ કાર્ડની વિગતો અને જન્મતારીખ જાણી લીધી હતી. આ દરમિયાન તેમના દીકરાના મોબાઈલ પર



યુવકનો ટેલીગ્રામથી સંપર્ક કરી સાયબર ઠગે બે લાખ અઢાર હજાર ઉસેડી ગયો

ઓટીપી આવ્યો હતો, પરંતુ દીકરાએ ઓટીપી આપવાની ના પાડી દીધી હતી. જોકે, અગાઉ આરટીઓ ચલણની લિંક ઓપન કરવાને કારણે તેમનો મોબાઈલ ફોન હેક થઈ ચૂક્યો હતો. થોડીવારમાં જ તેમના બેંકના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ૧૮,૭૨,૪૪૫ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ ઉપરાંત, તેમના મોબાઈલમાંથી કોન્ટેક્ટ લિસ્ટમાં રહેલા સગા-સંબંધીઓને પણ આપમેળે પેલી આરટીઓ વાળી ફ્રોડ લિંક વોટ્સએપ પર સેન્ડ થવા લાગી હતી.

આ પછી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તાત્કાલિક સાયબર હેલ્પલાઇન પર જાણ કરી હતી અને ત્યારબાદ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ હતી.

બીજા કિસ્સાની વિગતો જોઇએ તો બિટકોઇનમાં ઇન્વેસ્ટમેન્ટના નામે પર વડોદરાના યુવકનો ટેલીગ્રામથી સંપર્ક કરી સાયબર ઠગે બે લાખ અઢાર હજાર ઉસેડી ગયો હતો. શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા પચ્ચીસ વર્ષીય યુવક બિટકોઇનમાં રોકાણ કરવાની લાલચમાં ઓનલાઇન છેતરપિંડીનો શિકાર બન્યો છે. અજાણ્યા ઠગે ટેલિગ્રામ એપ પરથી યુવકનો સંપર્ક સાધી નફાનું આશ્વાસન આપી કુલ રૂ. ૨,૧૮,૫૦૦ની ઠગાઈ કરી છે. આ અંગે પીડિત યુવકે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે. યુવક ઘરે હાજર હતો. તેના મોબાઇલ ફોન પર ટેલિગ્રામ એપમાં મનીષ રાજપૂત મેન્ટર નામના એકાઉન્ટ તરફથી મેસેજ આવ્યો હતો. મેસેજમાં લખ્યું હતું કે હેલો, આઈ એમ ટીચર મનીષ રાજપુત. વેલકમ ટુ ધ કોઇનબેઝ એક્સચેન્જ પ્લેટફોર્મ. આર યુ હિયર ટુ કમ્પ્લીટ ધ ક્લિક ડેટા ટાસ્ક? યુવકને બિટકોઇનમાં રોકાણ કરવામાં રસ હોવાથી તેણે તે વ્યક્તિ સાથે ટેલિગ્રામ પર વાતચીત શરૂ કરી હતી.

ત્યારબાદ ઠગે યુવકને બિટકોઇનમાં રોકાણ કરવા માટે પૈસા મોકલવા જણાવ્યું હતું. આ પછી એક યુપીઆઈ આઈડી આપી હતી. વિશ્વાસમાં લઈને યુવકે ગુગલ પે દ્વારા કુલ રૂ. ૨,૧૮,૫૦૦ની રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. ઠગે યુવકને નફા સાથે પૈસા પરત કરવાનું વચન આપ્યું હતું, પરંતુ કોઈ રકમ પરત કરી ન હતી, ત્યારબાદ યુવકે સંપર્ક કરવાના -યાસ કર્યા હતા, પરંતુ ઠગે જવાબ આપ્યો નહોતો જેથી યુવકને ખ્યાલ આવ્યો કે તેની સાથે ઓનલાઇન છેતરપિંડી કરવામાં આવી છે. માંજલપુર પોલીસે યુવકની ફરિયાદના આધારે અશોક સુપરયસ નામની આઈના ધારક સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

### પાંચ અલગ અલગ કિસ્સામાં બાળક સહિત પાંચની જિંદગીનો અંત આવ્યો

# વાહન અકસ્માતમાં બે પરિવારે ગુમાવ્યા કંધોતર

## દસ વર્ષના ટાબરીયો પતંગ ઉડાડતી વખતે છત પરથી પટકાયો અને નીકળી ગયા પ્રાણઃ બેડી યાર્ડના વેપારીનું મિત્રની દુકાને દિલ બંધ પડી જતાં મોતઃ એક યુવાનનું કંપનીના ક્વાર્ટરમાં બેભાન થયા પછી મૃત્યુ

રાજકોટ, તા. ૧૯

રોજબરોજ સર્જાતા વાહન અકસમાતના બનાવોમાં વધુ બે આવા બનાવ બન્યા છે. જેમાં ઘરેથી જમવાનું-નાસ્તો લેવા જવા માટે નીકળેલા મવડી માટેલ સોસાયટીના અઢાર વર્ષના યુવાનનું કટારીયા ચોકડી પાસે ટુવ્હીલર સહિત છોટાહાથી વાહનની અડફેટે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું છે. બીજા બનાવમાં એક યુવાન વાંકાનેર નજીક વાળ કપાવવા જતો હતો ત્યારે અજાણ્યો ટ્રકચાલક તેને ટુવ્હીલર સાથે ઉલાળીને ભાગી જતાં તેનું હીટ એન્ડ રનના આ બનાવમાં મોત થયું હતું. ત્રીજી ઘટનામાં દસ વર્ષનો ટાબરીયો વાડીએ પતંગ ઉડાડતી વખતે પડી જતાં તેના પ્રાણ નીકળી ગયા હતાં. ચોથી ઘટનામાં બેડી યાર્ડના વેપારીનું મોરબી રોડની દુકાને ખેતીના ઓજારો ખરીદતી વખતે હૃદય બેસી જતાં મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટનાની વિગતો અનુસાર મવડી જુના ગુરૂકુળ પાસે માટેલ સોસાયટી-૬માં રહેતો મિલન મહેશભાઇ ગોડેશ્વર નામનો યુવાન ઘરેથી ટુવ્હીલર હંકારી જમવાનું લેવા જવા માટે નીકળ્યો ત્યારે કટારીયા ચોકડીએ છોટાહાથીની ઠોકરે ચડી જતાં વાહન સહિત ફંગોળાઇ જતાં માથા, શરીરે ગંભીર ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મોડી રાતે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મિલન બે ભાઇ અને એક બહેનમાં બીજો હતો. તે પ્લાસ્ટીકના ગોડાઉનમાં કામ કરતો હતો. તેના પિતા મહેશભાઇ ગોડેશ્વર બાપા સિતારામ ચોકમાં મીલન ગોલા નામે લારી રાખી ગુજરાન ચલાવે છે. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. યુનિવર્સિટી પોલીસે છોટાહાથીના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ કરી હતી.

બીજા બનાવમાં હિટ એન્ડ રનના વધુ એક બનાવમાં એક પરિવારના આધારસ્તંભ યુવાનનું મોત થયું છે. વાંકાનેરના લાકડધાર પાસે ટ્રકનો ચાલક બાઇકને ઠોકરે લઇ ભાગી જતાં



બાઇકચાલક રફાળેશ્વરમાં રહેતાં મુળ યુપીના યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. વાંકાનેરના રફાળેશ્વર ખાતે રહેતો અને કંપનીમાં કામ કરતો મુળ યુપીનો ચાલીસ વર્ષનો ધીરેનભાઇ ચુન્નુલાલ તિવારી મોટરસાઇકલ હંકારી રફાળેશ્વરથી વાંકાનેર તરફ વાળ કપાવવા માટે જતો હતો ત્યારે રસ્તામાં લાકડધાર પાસે ટ્રકના ચાલકે ઠોકરે ચડાવતાં ટુવ્હીલ સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

ઘાયલ હાલતમાં તેને વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ આજે સવારે મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર ધીરેનભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. વર્ષોથી તે રફાળેશ્વર રહેતો હતો અને કંપનીમાં કામ કરતો હતો. તેને સંતાનમાં એક દિકરો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરતાં કાર્યવાહી કરી વાહનચાલકને શોધવા તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો માસુમનો જીવ ગયો હતો. ગોંડલમાં આવેલા ઉંબાળા રોડ પર રમણીકભાઇ ગજેરાની વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના મજૂર દંપતિનો દસ વર્ષનો પુત્ર વાડીએ આવેલા રૂમની અગાસી પર પતંગ ઉડાડતી વખતે પડી જતાં ગંભીર ઇજા થતાં તેનું મોત થયું હતું. એમપીનો રતન ડાવર પોતાના પત્નિ, પુત્ર ઇશ્વર કે જે દસ વર્ષનો હતો તેની સાથે અને દિકરી સાથે ગોંડલમાં રમણીકભાઇની વાડીમાં રહી મજૂરી કરે છે. રતનનો દિકરો ઇશ્વર ગત બારમીએ બપોરે વાડીમાં આવેલા રૂમની અગાસી પર ચડી પતંગ ચડાવતો હતો.

પતંગ ઉડાવતી વખતે કોઇપણ રીતે બેલેન્સ ગુમાવતાં છત પરથી પટકાતાં ગંભીર ઇજા થતાં ગોંડલ સારવાર માટે દાખલ કરાયો હતો. ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ગત રાતે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગોંડલ તાલુકા પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધી કરી કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં દિલની દગાખોરી વધુ એક વખત જીવલેણ સાબીત થઇ હતી. સાધુ વાસવાણી રોડ પર પાટીદાર ચોકમાં પાટીદાર રેસીડેન્સી ફ્લેટ નં. ૩૦૨માં રહેતાં વેપારી નરોત્તમભાઇ અમરશીભાઇ દેત્રોજા નામના પંચાવન વર્ષના વેપારી મોરબી રોડ જકાત નાકા પાસે પોતાના મિત્ર વિનોદભાઇની સરદાર હાર્ડવેર નામની દૂકાન હતાં ત્યારે ચક્કર આવતાં, ઉલ્ટી થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર નરોત્તમભાઇ દેત્રોજા બેડી માર્કેટ યાર્ડમાં વી. કે. પટેલ નામની પેઢીમાં ચણા-કઠોળનો વેપાર કરતાં હતાં. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાંએક દિકરો છે. તઓ મોરબી રોડ જકાતનાકે મિત્ર વિનોદભાઇની દુકાને ખેતીના ઓજાર લેવા ગયા ત્યારે એકાએક ઉલ્ટીઓ ચાલુ થયા બાદ બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. બી-ડિવીઝન પોલીસે આ મામલે કાર્યવાહી કરી હતી.

પાંચમા બનાવમાં શાપર વેરાવળના પડવલા ગામે એસએન લેબ કંપની પાસેના ક્વાર્ટરમાં રહેતો અને કંપનીમાં કામ કરતો મુળ નેપાળનો રાજેશભાઇ બાબાદીન મૌર્ય નામનો પાંત્રીસ વર્ષનો યુવાન સાંજે ક્વાર્ટર ખાતે હતો ત્યારે તબિયત એકાએક બગડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું. તબિબને રાજેશભાઇએ ઝેરી પ્રવાહી પીધાની શંકા ઉપજતાં પોલીસ કેસ જાહેર કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાનું કહેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. રાજેશભાઇ આઠેક વર્ષથી અહિ રહી કંપનીમાં કામ કરતો હતો. શાપર પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી. આમ પાંચ અલગ અલગ ઘટનાઓમાં બાળક સહિત પાંચની જિંદગીનો અંત આવી જતાં સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

### પહેલો સગો પાડોશી એ કહેવતને અહિ ઠગ પરિવારે ખોટી પાડી

# ટેન્ડરના નામે નકલી ઓર્ડરથી પડાવ્યા ૭I કરોડ!

## સ્માર્ટ સીટી, રીવર ફ્રન્ટ, ચૂંટણીમાં કેમેરાના કોન્ટ્રાક્ટમાં રોકાણના નામે કરવામાં આવી મસમોટી ઠગાઇ

રાજકોટ, તા. ૧૯

એવી કહેવત છે કે પહેલો સગો પાડોશી. ઘણા એવા પાડોશી હોય છે જે પાડોશીના સુખ-દુઃખમાં સદાય ભાગ ભજવી પાડોશી ધર્મ નિભાવતાં હોય છે. પરંતુ અમુક એવા ગઠીયા પાડોશી હોય છે જે ગરીયા ફેરવી ભાગી જતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં સ્માર્ટ સીટી, રીવર ફ્રન્ટ, ચૂંટણીમાં સીસીટીવી કેમેરાના કોન્ટ્રાક્ટના નામી નકલી ઓર્ડર બતાવી નાણાનું રોકાણ કરી રૂપિયા કમાવવાના નામે પાડોશીને અધધધ સાત કરોડ બાંસઠ લાખનો ચૂનો લગાવી ગયા છે. આ મસમોટી ઠગાઇ કરનાર પરિવાર હાલ જેલમાં છે. તેની સામે આ વધારાનો એક ગુનો દાખલ થયો છે.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના સેક્ટર ૨૩માં રહેતા ઠગ દંપતી દ્વારા ટેન્ડરના નામે વેપારીઓ પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા ત્યારે તેમણે અને તેમના પરિવારે પાડોશીને પણ બાકાત રાખ્યા નથી અને પાડોશી બિલ્ડર તેમજ તેના મિત્રોને મોરબી સ્માર્ટ સિટી, સુરત રિવરફ્રન્ટ સહિતના કામોના નકલી વર્ક ઓર્ડર બતાવીને ૭.૬૨ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડી દીધો છે. જે સંદર્ભ વધુ એક ગુનો ઇન્ફોસિટી પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ સેક્ટર ૨૩માં રહેતા ઠગ દંપતિ દ્વારા ઇન્ફોસિટી ખાતે ઓમ એન્ટરપ્રાઇઝ નામની ઓફિસ ખોલીને વેપારીઓને અલગ અલગ સરકારી ટેન્ડરના વર્ક ઓર્ડર બતાવીને રોકાણ કરવાની લાલચ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે ત્યારે આ દંપતી અને તેમના પરિવારે પાડોશીને પણ બાકાત રાખ્યા ન હતા.

જે સંદર્ભે તેમની જ પાડોશમાં રહેતા પંચવટી પાર્ક સોસાયટીમાં રહેતા મોન્ટુભાઇ ઇન્દુભાઇ પટેલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, પડોશમાં પ્લોટ નં. ૬૮૯/૨માં રહેતા નિરવ મહેન્દ્રભાઈ દવેએ પોતાની પેઢી ઓમ એન્ટરપ્રાઇઝ દ્વારા વર્ષ ૨૦૧૭માં સરકાર તરફથી ઇલેક્શનમાં ગાંધીનગર, અમદાવાદ સહિતના અલગ અલગ શહેરોમાં સીસીટીવી લગાવવાનું ટેન્ડર મળ્યાની લાલચ આપવામાં આવી હતી. મોન્ટુભાઈએ -થમ ૭ લાખનું રોકાણ કર્યું હતું. બાદમાં જૂનાગઢ જિલ્લામાં પણ ઘરે ઘરે કચરા ટોપલી મૂકવાનું ટેન્ડર લાગ્યાનું કહી નિરવે રૂપિયા પડાવ્યા હતા. જેમાં આખો પરિવાર સામેલ હતો. દવે પરિવારે કરોડો રૂપિયા રોકાણના નામે મેળવ્યા હતા. આ કૌભાંડમાં નિરવ




અન્ય કિસ્સામાં સસ્તા સોનાના નામે પાંચ કરોડની ઠગાઇઃ મહિલા હતી સુત્રધાર!

દવેનો પુત્ર યજત દવે અસલી સરકારી પત્રો મેળવી તેને લેપટોપમાં એડિટિંગ કરતો હતો. તે સરકારી દસ્તાવેજો પર પોતાની પેઢીનું નામ લખીને ખોટા વર્ક ઓર્ડર તૈયાર કરતો અને રોકાણકારોને તે બતાવીને વિશ્વાસમાં લેતો હતો.

આ પછી મોરબી નગરપાલિકાના સ્માર્ટ સિટી વર્ક ઓર્ડરના આધારે જ મોન્ટુભાઈ પાસેથી એકસાથે ૫૦ લાખ પડાવવામાં આવ્યા હતા. નિરવ દવે સહિતના પરિવારે મોન્ટુભાઈ પાસેથી ૪.૩૬ કરોડ, તેમના મિત્રો પાસેથી ૨.૦૧ કરોડ અને અન્ય એક મિત્ર જીતેન્દ્રકુમાર પાસેથી ૧.૨૫ કરોડ મળીને ૭.૬૨ કરોડથી વધુની રકમ હડપ કરી લીધી હતી. જેના પગલે ઈન્ફોસિટી પોલીસે નિરવ દવે, તેના પત્ની મીરા, પિતા મહેન્દ્રભાઈ અને પુત્ર યજત વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નીરવ દવે હાલ જેલમાં છે જ્યારે તેની પત્નિ ભૂગર્ભમાં ઉતરી ગઇ છે. પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે.

અન્ય એક ફ્રોડના કિસ્સામાં સસ્તા સોના અને લોન અપાવવાના બહાને ૪.૯૫ કરોડ રૂપિયાની ઠગાઈના કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરવામાં આવી છે અને તેને બે દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. વિગતો જોઇએ તો ગત માર્ચ મહિનાથી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વડોદરા શહેરના સીગ્નેટ હબ ઓફિસ નંબર ૩૧૫ અને એટલાન્ટિક હાઈટ્સ, ગેંડા સર્કલ ખાતે આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાયનાન્સની ઓફિસમાં આ ગુનેગારી કામગીરી ચાલી હતી. આરોપી રાજવીર અને તેના ભાગીદારો તેમજ વિશાલ બારડ અને નયનાબેન મહીડા સહિતના આરોપીઓએ ફરિયાદીને ઓછી કિંમતે સોનું અપાવવાની લાલચ આપી હતી.

તેમણે ફરિયાદી પાસેથી સસ્તા સોનાના બહાને ૪.૬૧ કરોડ રૂપિયા પડાવી લીધા હતા. વિશાલ બારડે પોતાને લોન એજન્ટ તરીકે રજૂ કરીને ફરિયાદીને ૧૦ કરોડ રૂપિયાની લોન અપાવવાનું વચન આપ્યું હતું. તેમણે બેંક મેનેજરને કમિશન પેટે એડવાન્સ આપવાના બહાને વધુ ૩૧ લાખ રૂપિયા મેળવી લીધા હતા. આ રીતે કુલ ૪.૯૫ કરોડ રૂપિયા પડાવીને આરોપીઓએ ફરિયાદીને સોનું કે લોન કંઈ જ અપાવ્યું નહોતું અને ઠગાઈ કરી હતી. આ મામલે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન બે આરોપી નયનાબેન મનહરસિંહ મહીડા અને ભાવેશ નરવતસિંહ પરમાર જે વડોદરાના છે તેને શોધી કાઢવામાં આવ્યા છે અને બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા અને વિવિધ તપાસના મુદ્દાઓને આધારે બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ક્રાઇમ બ્રાન્ચે આ ગુનાની વધુ તપાસ કરી રહી છે.

## રાજકોટ બાર એસોસિયેશનની ચૂંટણી જંગમાં

# RBA પેનલના ઉમેદવારોની જીત નિશ્ચિત

રાજકોટ તા. ૧૯

આજે રાજકોટ બાર એસોસિયેશનની ચૂંટણીમાં વકીલમિત્રોના ઉત્સાહથી સવારથીજ જંગી મતદાન થવાનું મનાતું હતું. બાર એસોસિયેશનમાં નોંધાયેલા ૪૩૪૯ મતદારોમાંથી ૨૭૦૪ વકીલોએ મતદાન કરાયું નોંધાયું હતું. આજની ચૂંટણીમાં આરબીએ અને સમરસ પેનલ વચ્ચે પ્રતિષ્ઠાભર્યો જંગ ખેલાયાનું મનાતું હતું. નવી કોર્ટના બાર એસોસિયેશનના રૂમમાં બપોરના ૩-૦૦ વાગ્યા સુધી ચાલેલા મતદાન દરમિયાન બંને પેનલો વચ્ચે રસાકસી જોવા મળી હતી. ૨૦૨૫-૨૬ની રાજકોટ બાર એસો.ની ચૂંટણીમાં ૧૬૫૬ માટે ૪૦ ઉમેદવાર ચૂંટણી જંગમાં હતા અને તમામના ભાવી બપોરના ૩ વાગ્યા સુધીમાં મતપેટીમાં સીલ થઇ ગયા હતા.

પેનલોમાં આરબીએ પેનલના ઉમેદવાર જોઈએ તો, પ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ બિમલ જાની, સેક્રેટરી નિલેશ પટેલ, જો.સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ કારોબારી સભ્ય (સામાન્ય) સંજય ડાંગર, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, અશ્વિન રામાણી, હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરીયા. કારોબારી સભ્ય (મહિલા અનામત) નિશાબેન લુણાગરીયા, મિનલબેન સોનપાલ, રક્ષાબેન ઉપાધ્યાય ચૂંટણી મેદાનમાં હતા.

સમરસ પેનલના ઉમેદવારના ઉમેદવારો જોઈએ તો પ્રમુખ સુરેશ ફળદુ, ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી સંદિપ વેકરીયા, ટ્રેઝરર રેખાબેન લીંબાસીયા(પટેલ), લાઈબ્રેરી સેક્રેટરી સાગર હપાણી, કારોબારી સભ્ય (સામાન્ય) અમિત વેકરીયા, કશ્યપ ઠાકર, દિપ વ્યાસ, જતીન ઠક્કર, યશ ચોલેરા, કેતન જેઠવા, રણજીત મકવાણા. કારોબારી સભ્ય (મહીલા અનામત) હીરલબેન જોષી, મીતાબેન રાવ, અલ્કાબેન પંડયાએ ચૂંટણી લડી હતી. જ્યારે સ્વતંત્ર ઉમેદવારોમાં પ્રમુખ પદે નિરવ પંડયા અને હરિસિંહ વાઘેલા, સેક્રેટરી પદે અનિલ ડાકા(પટેલ) અને ગૌતમ રાજ્યગુરુ, જોઈન્ટ સેક્રેટરી પદે ધીમંત જોશી, લાયબ્રેરી સેક્રેટરી પદે અનિલ ડાકા(પટેલ), કારોબારી સભ્ય (સામાન્ય) દિપક બારોટ, કારોબારી સભ્ય (મહિલા અનામત) મેઘાવીબેન ગજ્જર અને વૈશાલીબેન વિઠ્ઠલાણીએ ઉમેદવારી નોંધાવી છે. આજે સવારથી જ વકીલો મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા જેમાં ભાજપ કોંગ્રેસના અગ્રણીઓ ઉપરાંત ખ્યાતના વકીલો પણ મતદાન કરવા માટે આવ્યા હતા અને કોર્ટ પરિસરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આજે બપોરે ત્રણ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ ૫ વાગ્યાંથી મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. રાત્રીના એક વાગ્યા સુધીમાં ૨૨૦૦ મતોની થયેલી ગણતરીમાં આરબીએ પેનલના ઉમેદવારો જીત તરફ આગળ વધતા હોવાનું સાંભળવા મળ્યું હતું.

આજની બારની ચૂંટણીમાં મતદાનમાં સિનિયર ધારાશાસ્ત્રી લલિતસિંહ જે. શાહી, ગીરીશભાઈ ભટ, પ્રશાંતભાઈ જોષી, જયેશભાઈ જાની, તુલસીદાસ ગોંડલીયા, અનિલભાઈ દેસાઈ, હરેશભાઈ દવે, નરેશભાઈ દવે, પિયુષભાઈ શાહ, એન.જે. પટેલ, નલિનભાઈ શુકલ, કમલેશભાઈ શાહ, કિરિટ પાઠક, અર્જુનભાઈ પટેલ, તુષાર ગોકાણી, રીપન ગોકાણી, પી.સી. વ્યાસ, કિશોરભાઈ સખીયા, જી.એલ.રામાણી, સી.એચ. પટેલ, તરૂણભાઈ કોઠારી, નરેન્દ્રભાઈ બુસા, જે.એફ. રાણા, હિતેન્દ્રસિંહ જાડેજા, દિલિપભાઈ જોષી, મનિષ ખખ્ખર, શ્યામલભાઈ સોનપાલ, દિલેશ શાહ, રાકેશ ગોસ્વામી, સી.એમ. દક્ષીણી, મયંકભાઈ પંડયા, યાર્ડ ચેરમેન જયેશ બોઘરા, કોંગ્રેસ અગ્રણી મેઘરાજસિંહ ચુડાસમા, અશોકસિંહ વાઘેલા, નરેન્દ્રસિંહ જાડેજા ,ગાયત્રીબા વાઘેલા, ભગીરથસિંહ ડોડીયા, હિતેષભાઈ દવે, રૂપરાજસિંહ પરમાર, આબીદ શોષન, કમલેશ ડોડીયા, રક્ષિત કલોલા, ભાવેશ રંગાણી, બી.એમ. પટેલ, દિપેશ અંધારીયા, પરેશ કુકડીયા, અશ્વિન સેખલીયા, જીજ્ઞેશ સભાડ, અભીષેક શુકલા, કિશન ટીલવા, રાકેશ કોઠીયા, હિતેષ ભાયાણી, નિલેશ વેકરીયા, ખોડુભા સાકરીયા, ધર્મેશ સખીયા, વિજય તોગળીયા, અજય પીપળીયા, પરેશ પાદરીયા, પંકજ દોંગા, નીખીલ ઝાલાવડીયા, પીયુશ સખીયા, કલ્પેશ નસીત, અમિત ગડારા, તુષાર સખીયા, ગૌતમ કોટડીયા, રક્ષિત રૈયાણી, સહદેવ દુધાગરા, ચેતનાબેન કાછડીયા, અંજનાબેન ખુંટ, વીણાબેન કોરાટ, રમાબેન ગુપ્તા, નમીતા કોઠીયા, અલ્પા મેહતા, ધારા મુળછા, પ્રતિક્ષા પાધડા, ઉર્વશી કાકરિયા, રશમીબેન પટેલ, અલ્પાબેન પટેલ, ધર્મીશા પટેલ, જાનવી વોરા, કાજલ પટેલ સહિતના વકીલોએ મતદાન કર્યું હતું.

ભાજપ શહેર પ્રમુખ માધવ દવે, અગ્રણીઓ કમલેશભાઈ જોષીપુરા, કીરીટભાઈ પાઠક, મનીષભાઈ ભટ્ટ, અર્જુનભાઈ પટેલ, આર.ડી.ઝાલા, કિશોરભાઈ સખીયા, અજયભાઈ જોશી, સહીતના અગ્રણી વકીલો ઉપસ્થિત રહ્યા હતા અને રાજકોટ બારની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. મતદાન વખતે શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે ખાસ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.બારની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીઓ અને તેમની ટીમ દ્વારા સુપેરે કામગીરી કરાઈ હતી. ચૂંટણી અધિકારી અતુલભાઈ દવે, જયેશભાઈ અતિત, ગીરિરાજસિંહ જાડેજા અને જશુભાઈ કરથીયા સરાહનિય ફરજ બજાવી હતી. ચૂંટણીમાં અંતિમ સમય સુધી સમર્થકો દ્વારા પોત-પોતાની પેનલનો પ્રચાર કરવામાં આવ્યો હતો. સવારે મતદાન શરૂ થયું ત્યારે એક પેનલના મહિલા ઉમેદવાર અને સામેની પેનલના સિનિયર વકીલ વચ્ચે શાબ્દિક ટપાટપી થતા માહોલ ગરમાયો હતો. જો કે અન્ય વકીલોએ વચ્ચે પડીને મામલો શાંત કર્યો હતો. આ ઘટનાનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઇ ગયો છે.







### રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં ૨૨૦૦ મતોની ગણતરી પૂર્ણ

**પ્રમુખ પદ માટે**
RBAના સુમિત વોરાને.... ૧૩૩૨
સમરસના સુરેશ ફળદુને... ૮૭૧

**ઉપપ્રમુખ પદ માટે**
છઇઅના બિમલ જાનીને...૧૦૬૩
સમરસના એસ. જાડેજાને... ૧૨૦૫

**સેક્રેટરી પદ માટે**
છઇઅના નિલેશ પટેલ....૧૦૩૯
સમરસના મેહુલ મેહતા...૯૫૮

**જોઇન્ટ સેક્રેટરી પદ માટે**
છઇઅના જે. ગોંડલિયા...૧૦૮૮
સમરસના એસ. વેકરીયા....૧૦૫૮

**ટેઝરર પદ માટે**
છઇઅના પ્રગતિબેન....૧૨૨૪
સમરસના રેખાબેન ....૯૯૮























